# ઘી જૂનાગઢ જીલ્લા સહકારી બેંક લિ.


સાંઈબાબા મંદિર સામે, કે.ડી. ભીંડી જવેલર્સની પાછળ, ઝાંઝરડા રોડ, જુનાગઢ.

**Email:** customer.support@thejjsbank.in | **Website:** www.thejjsbank.in

**Ph. No.: (0285) 2631240**


## ટુંકી મુદત તથા મધ્યમ મુદત ખેતીવિષયક ધિરાણનીતિ વર્ષ : ૨૦૨૬-૨૭



**બોર્ડ ઓફ ડીરેક્ટર્સ વતી,**

**શ્રી કિરીટભાઈ બી. પટેલ – ચેરમેનશ્રી**

**શ્રી મનુભાઈ એલ. ખુંટી – વાઈસ ચેરમેનશ્રી**

**શ્રી કલ્પેશ બી. રૂપાપરા – સી.ઈ.ઓ**

## થાપણના વ્યાજદર

| અ.નં. | થાપણ ખાતાઓની વિગત | તા. ૧/૧૦/૨૦૨૫ થી અમલમાં |
|---|---|---|
| ૧ | બચત ખાતા | ૩.૦૦% |
| ૨ | કોલ થાપણ (ફક્ત મંડળીઓ માટે) | ૩.૫૦% |
| ૩ | બાંધી મુદત થાપણ | |
| | (૧) ૭ દિવસ થી ૪૫ દિવસ સુધી | ૩.૬૦% |
| | (૨) ૪૬ દિવસ થી ૯૦ દિવસ સુધી | ૫.૦૦% |
| | (૩) ૯૧ દિવસ થી ૧૭૯ દિવસ સુધી | ૫.૦૦% |
| | (૪) ૧૮૦ દિવસ થી ૩૬૪ દિવસ સુધી | ૬.૦૦% |
| | (૫) ૧ વર્ષ કે તેથી વધુ ૨ વર્ષની અંદર | ૬.૮૦% |
| | (૬) ૨ વર્ષ કે તેથી વધુ ૩ વર્ષની અંદર | ૭.૦૦% |
| | (૭) ૩ વર્ષ કે તેથી વધુ ૫ વર્ષની સુધી | ૬.૬૦% |

**રૂા. પાંચ લાખ સુધીની થાપણ DICGC વિમાથી સુરક્ષીત કરેલ છે.**

## ગોડાઉનના મેટ્રીક ટન ગણવાનું સુત્ર

લંબાઇ (મીટર) × પહોળાઇ (મીટર) × ઉંચાઇ (મીટર) × ૦.૪૦ = મેટ્રીક ટન

ફુટના માપને મીટરમાં દર્શાવવા ૩.૨૮ વડે ભાગવાથી મીટરમાં માપ મળી શકશે.

## ક્ષેત્રફળ

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૧ હેક્ટર | = ૨.૪૭ એકર | = | ૬.૨૫ કાચા વિઘા | = | ૧૦૦૦૦ ચોરસ વાર |
| ૧ એકર | = ૨.૫૦ વિઘા | = | ૪૩૫૬૦ ચો.ફુટ | = | ૪૮૪૦ ચો.વાર |
| ૧ વિઘા | = ૧૬ ગુંઠા | = | ૧૭૪૨૪ ચો.ફુટ | = | ૧૯૩૬ ચો.વાર |
| ૧ ગુંઠા | = ૧૦૧.૧૭ ચો.મીટર | = | ૧૦૮૯ ચો.ફુટ | = | ૧૨૧ ચો.વાર |

**કેસીસી ધિરાણ મેળવતા ખેડૂતોને જયોતિર્ગમય અકસ્માત વિમા યોજના (JAVY) હેઠળ બેંક દ્વારા વિમા કવચ**

# કેસીસી ધિરાણ મેળવતા નિયમિત ખેડૂતોને એક વર્ષ માટે રૂા. ૫/- લાખનો અકસ્માત વિમો

### અકસ્માત વિમાની રૂપરેખા નીચે પ્રમાણે છે.

| અ.નં. | કવરેજ/લાભો/નીતી/વિશેષતા | વિગતો | વય મર્યાદા |
|---|---|---|---|
| ૧ | અકસ્માતથી મૃત્યુ | ૧૦૦% વિમા રાશી | ૧૮ થી ૮૦ વર્ષ |
| ૨ | અકસ્માતથી બંને અંગો, બંને આંખો અથવા એક અંગ અને એક આંખનું નુકશાન | ૧૦૦% વિમા રાશી | |
| ૩ | અકસ્માતથી એક અંગ અથવા એક આંખનું નુકશાન | ૫૦% વિમા રાશી | |

- આ યોજના હેઠળ ખેડૂતોનું વિમા પ્રિમિયમ બેંક દ્વારા ભરવામાં આવે છે.
- વિમા પોલીસીની સમય મર્યાદા તા. ૧-૨-૨૬ થી તા. ૩૧-૧-૨૭ સુધીની રહેશે અને આ સમયગાળાનું જે નિયમિત ખેડૂતોનું વિમા પ્રિમિયમ બેંક દ્વારા ભરેલ હશે તેવા ખેડૂતોનું આ યોજના હેઠળ વિમા કવરેજ રહેશે.

- અકસ્માતથી થયેલ મૃત્યુ/કાયમી અપંગતા અંગે સંલગ્ન શાખાને તુરંત સંપર્ક કરી જાણ કરવાની રહેશે.

**નોંધઃ વિમા કંપનીની પોલીસી/નીતી નિયમોને તેમજ બેંકે લીધેલ વિમા પોલીસીના સમયગાળાને આધીન વિમા કવરેજ રહેશે.**

## સને 2026 -27 નાં વર્ષના પાકવાર ખેતી વિષયક તેમજ પશુપાલન/મત્સ્યપાલનના વર્કિંગ કેપીટલ ધિરાણનાં દરો અને નીતિ

ધી નેશનલ બેંક ફોર એગ્રી. એન્ડ રૂરલ ડેવ.ની પાક ધિરાણ યોજના અન્વયે સને 2026-27 નાં વર્ષ માટે **"K.C.C." "કિસાન ક્રેડિટ કાર્ડ"** પાકવાર હેક્ટર દીઠ તેમજ પશુપાલન/મત્સ્યપાલનના વ્યવસાય માટે વર્કિંગ કેપીટલનાં ધિરાણનાં દરો નક્કી કરવા માટે **તા ૩૧-૧૨-૨૦૨૫** નાં રોજ મળેલ ટેકનીકલ ગ્રૂપની ભલામણ અનુસાર નક્કી થયેલા દરો મંજુરી માટે રાજ્યસ્તરની ટેકનીકલ સમિતિને મોકલવામાં આવેલ,જે SLTC ની તા ૦૫-૦૩-૨૦૨૬ ના રોજ મળેલ જેના દર **તા ૦૯-૦૩-૨૦૨૬** નાં રોજ મળેલ બોર્ડ ઓફ ડીરેકટર્સની મિટિંગમાં નીચે મુજબ ધીરાણ ના દર મંજૂર કરેલ છે.

તેમજ **"G.C.C." "જનરલ ક્રેડિટ કાર્ડ"** માટે **તા ૦૯-૦૩-૨૦૨૬.** નાં રોજ મળેલ બોર્ડ ઓફ ડીરેકટર્સની મિટિંગમાં એક હેક્ટર દીઠ રૂ. ૧,૮૦,૦૦૦/- મુજબ ધીરાણ ના દર મંજૂર કરેલ છે.

| અ.નં. | પાકનું નામ | સને ૨૦૨૬-૨૭ ના વર્ષ માટે મંજૂર કરેલ ધિરાણના દર (રૂ.) | | અ.નં. | પાકનું નામ | સને ૨૦૨૬-૨૭ ના વર્ષ માટે મંજૂર કરેલ ધિરાણના દર (રૂ.) | |
|---|---|---|---|---|---|---|---|
| અ | ખરીફ પાક :- | એકર દીઠ | હેક્ટર દીઠ | બ | રવિ પાક :- | એકર દીઠ | હેક્ટર દીઠ |
| ૧ | મગફળી | ૫૪,૨૦૦ | ૧,૩૫,૫૦૦ | ૧ | ઘઉ | ૨૯,૬૦૦ | ૭૪,૦૦૦ |
| ૨ | કપાસ | ૫૯,૨૦૦ | ૧,૪૮,૦૦૦ | ૨ | લસણ | ૫૪,૨૦૦ | ૧,૩૫,૫૦૦ |
| ૩ | શેરડી | ૮૫,૦૦૦ | ૨,૧૨,૫૦૦ | ૩ | રાઈડો/રાઈ | ૩૧,૬૦૦ | ૭૯,૦૦૦ |
| ૪ | બાજરો | ૨૬,૮૦૦ | ૬૭,૦૦૦ | ૪ | જીરું | ૩૨,૮૦૦ | ૮૨,૦૦૦ |
| ૫ | એરંડા | ૫૫,૬૦૦ | ૧,૩૯,૦૦૦ | ૫ | મગ | ૨૫,૬૦૦ | ૬૪,૦૦૦ |
| ૬ | ડુંગળી (લાલ) | ૫૪,૨૦૦ | ૧,૩૫,૫૦૦ | ૬ | ડુંગળી | ૫૪,૨૦૦ | ૧,૩૫,૫૦૦ |
| ૭ | ચણા | ૨૫,૬૦૦ | ૬૪,૦૦૦ | ૭ | ચણા | ૨૫,૬૦૦ | ૬૪,૦૦૦ |
| ૮ | મકાઈ | ૩૦,૮૦૦ | ૭૭,૦૦૦ | ૮ | મકાઈ | ૩૦,૮૦૦ | ૭૭,૦૦૦ |
| ૯ | જુવાર | ૨૬,૪૦૦ | ૬૬,૦૦૦ | ૯ | જુવાર | ૨૬,૪૦૦ | ૬૬,૦૦૦ |
| ૧૦ | તુવેર | ૩૪,૪૦૦ | ૮૬,૦૦૦ | ૧૦ | તુવેર | ૩૪,૪૦૦ | ૮૬,૦૦૦ |
| ૧૧ | તલ | ૨૬,૪૦૦ | ૬૬,૦૦૦ | ૧૧ | તલ | ૨૬,૪૦૦ | ૬૬,૦૦૦ |
| ૧૨ | ધાણા | ૩૦,૦૦૦ | ૭૫,૦૦૦ | ૧૨ | ધાણા | ૩૦,૦૦૦ | ૭૫,૦૦૦ |
| ૧૩ | સૂર્યમુખી | ૨૦,૪૦૦ | ૫૧,૦૦૦ | ૧૩ | સૂર્યમુખી | ૨૦,૪૦૦ | ૫૧,૦૦૦ |
| | | | | ૧૪ | ઈસબગુલ | ૩૧,૬૦૦ | ૭૯,૦૦૦ |
| | | | અન્યપાકો :- | | | | |
| ૧ | મગફળી-ઉનાળુ | ૫૪,૨૦૦ | ૧,૩૫,૫૦૦ | ૩ | પપૈયાં | ૭૪,૦૦૦ | ૧,૮૫,૦૦૦ |
| ૨ | કેળાં | ૧,૫૦,૦૦૦ | ૩,૭૫,૦૦૦ | ૪ | શાકભાજી | ૪૧,૨૦૦ | ૧,૦૩,૦૦૦ |

## વિશિષ્ટ પ્રકારના ફળઝાડ માટે :-

| અ.નં. | પાકનું નામ | સને ૨૦૨૬-૨૭ ના વર્ષ માટે મંજૂર કરેલ ધિરાણના દર (રૂ.) | |
|---|---|---|---|
| | | એકર દીઠ | હેક્ટર દીઠ |
| ૧ | આંબા | ૧,૩૮,૦૦૦ | ૩,૪૫,૦૦૦ |
| ૨ | નાળિયેરી | ૭૪,૦૦૦ | ૧,૮૫,૦૦૦ |
| ૩ | લીંબુ - મોસંબી | ૭૪,૦૦૦ | ૧,૮૫,૦૦૦ |
| ૪ | દાડમ | ૭૪,૦૦૦ | ૧,૮૫,૦૦૦ |
| ૫ | ચીકુ | ૪૯,૨૦૦ | ૧,૨૩,૦૦૦ |
| ૬ | બોર | ૪૯,૨૦૦ | ૧,૨૩,૦૦૦ |
| ૭ | આંબળા | ૪૯,૨૦૦ | ૧,૨૩,૦૦૦ |
| ૮ | જમરૂખ | ૪૯,૨૦૦ | ૧,૨૩,૦૦૦ |

**પશુપાલન, પોલ્ટ્રી તેમજ મત્સ્યપાલનના ધીરાણના દરો**

| ક્રમ | વિગત | સને ૨૦૨૬-૨૭ ના વર્ષ માટે મંજૂર કરેલ ધિરાણના દર (રૂ.) |
|---|---|---|
| ૧ | દુધાળા ઢોર એક ગાય/ભેંસ (વધુમાં વધુ ૨.૦૦ લાખ સુધી) | ૩૭,૫૦૦ |
| ૨ | એક બકરી અને ઘેટાં | ૨,૫૦૦ |
| ૩ | એક પક્ષી | ૨૫૦ |
| ૪ | ફીશરીઝ માટે બિનયાંત્રિક હોડી | ૯૫,૦૦૦ |
| ૫ | ફીશરીઝ માટે યાંત્રિક હોડી, ૫-મી. ની લંબાઈ માટે | ૩,૫૦,૦૦૦ |
| ૬ | ફીશરીઝ માટે યાંત્રિક હોડી, ૬-મી. થી ૧૦-મી. લંબાઈ માટે | ૫,૫૦,૦૦૦ |
| ૭ | ફીશરીઝ માટે યાંત્રિક હોડી, 10-મી. થી વધુ લંબાઈ માટે ૧ | ૭,૫૦,૦૦૦ |
| ૮ | મોટર સાયકલ વિથ આઇસબોક્સ | ૧,૦૦,૦૦૦ |
| ૯ | પ્રતિ એકર જમીન | ૨,૬૦,૦૦૦ |
| ૧૦ | મત્સ્ય વેચાણ | ૧,૧૦,૦૦૦ |

**“G.C.C.” “જનરલ ક્રેડિટ કાર્ડ” માટે ધિરાણ ના દર એક હેક્ટર દીઠ રૂ. ૧,૮૦,૦૦૦/- મુજબ**

**વધુ માં વધુ કોઈપણ વ્યક્તિને ૧ હેક્ટર ની મર્યાદામાં (KCC, GCC અથવા મધ્યમમુદત) ધિરાણ કરી શકાશે, અને એક હેક્ટર દીઠ પિયત જમીન માટે વધુ માં વધુ ૨૦ લાખ અને બિનપિયત માટે વધુ માં વધુ ૧૮ લાખ ની મર્યાદા માં (KCC, GCC, મધ્યમમુદત અથવા અન્ય કોઈ પણ ધિરાણ મળી ને કુલ)**

**નોંધ : કુદરતી આફતોના સમયમાં ઉપજ ઓછી થાય અથવા નષ્ટ થાય તો તેવી સ્થિતિમાં ધિરાણની પાકતી તારીખમાં ફેરફાર કરવાનો બેંકને અબાધિત હક્ક રહેશે.**

ઉપરોક્ત પાક ધીરાણની બેંક કક્ષાએ તેમજ મંડળી કક્ષાએ વસુલાતની પાકતી તારીખ (Due Date) તા.30મી જુન રહેશે. સરકારશ્રીનાં વખતોવખતનાં પરિપત્ર મુજબ ''ઇન્ટરેસ્ટ સબવેન્શન'' નો લાભ મળી શકશે. તેમજ વર્ષ ૨૦૨૬-૨૭ ના નવા ધિરાણના સરકારશ્રી ના પાક વિમા યોજનાની માર્ગદર્શીકા આવ્યેથી લાગુ પડશે.

## (1) <u>શાખ પત્રક બાબત</u>

- જૂનાગઢ, ગીર સોમનાથ, અને પોરબંદર જિલ્લાની પેક્સ/લેમ્પસ મંડળીઓને ખેતી વિષયક ટુંકી મુદત પાક ધીરાણ કેસીસી અંતર્ગત દર વર્ષના પાક વાવેતરને ધ્યાને લઇ શાખપત્રક તૈયાર કરી બેંક પાસે શાખમંજુર કરાવી એક વર્ષ માટે મંડળી સભાસદોને ધિરાણ કરવાની પ્રથા અમલમાં છે. મંડળીઓએ તમામ સભાસદોના ખરીફ સીઝન વાવેતર સહિતના શાખપત્રકો જરૂરી તમામ માહિતી સહિત બ્રાન્ચે આપેલ એક્સેલ શીટ માં મોડામાં મોડા **<u>"૩૧ મી મે"</u>** નાં અંત સુધીમાં સંબંધિત શાખામાં E-mail દ્વારા આપી દેવાના રહેશે. Government of India ના તા. 13 - December - 2023 ના પરિપત્ર અનુસાર સરકાર ની સહાય માટે AADHAR ની માહિતી જરુરી છે.

## (2) <u>નવું શાખપત્રક તૈયાર કરતા સમયે ધ્યાને લેવાના મુદ્દાઓ</u>

1. તમામ સભાસદો પૈકી ધિરાણ માંગણી કરતા સભાસદોની 7/12, 8-અ ૬ નંબર તથા આધારકાર્ડ ની લેટેસ્ટ/તાજેતર ની નકલો મેળવવાની રહેશે. ત્યાર બાદ જ શાખ પત્રકમાં સમાવેશ કરવાનો રહેશે.
2. મંડળીના ટ્રાયલ બેલેન્સમાં બેંક સાથે ચાલતા તમામ લોન/ઓવરડ્રાફ્ટ/સેવિંગ્સ/કરંટ વિગેરે ખાતાઓની મેળવણી બેંક સ્ટેટમેન્ટ સાથે તેમજ તમામ ધિરાણ બાકીની યાદીઓની મેળવણી મંડળીના ટ્રાયલ બેલેન્સના જે તે હેડ સાથે કરવાની રહેશે.
3. તા.૩૧ માર્ચ ના વાર્ષિક પત્રકો તેમજ અરજીની તારીખ થી આગળની તારીખ સુધી નું સરવૈયું, તારીજ, સ્ટોક પત્રક, બાકીદાર ના પત્રકો સરવૈયા ના બાકી સાથે મળવી અરજી સાથે સામેલ કરવા ના રહેશે.
4. મંડળી કક્ષાની કુલ વસુલાતની રકમ બેંક લોનમાં પુરેપુરી જમા કરાવેલી હોવી જોઇએ.

5. પુરવણી શાખપત્રક તૈયાર કરવાનું થાય ત્યારે પણ પુરવણી શાખની માંગણી નમૂના મુજબના ઠરાવમાં જ કરવાની રહેશે.
6. મંડળીનાં જે સભ્યો 5 એકર (2 હેક્ટર) કે તેથી ઓછી જમીન ધરાવતા હોય તેવા તમામ નાના ખેડૂત (Small), તેમજ પાંચ એકર (2 હેક્ટરથી વધુ) જમીન ધરાવતા સભ્યો મોટા/અન્ય (Big) ખેડૂત તરીકે દરેક કોલમનો સરવાળો કરી સમગ્ર શાખપત્રકની દરેક પાકવાર સમરી કાઢવાની રહેશે. અને એ પ્રમાણે મંડળીએ ખાતાવહીમાં ખાતા શરૂ કરી વહેવાર કરવાનો રહેશે.
7. શાખપત્રકનાં દરેક પાના ઉપર તથા સમરીને અંતે પહેલા અથવા સૌ પ્રથમ મંડળીના પ્રમુખ/ઉપપ્રમુખ અને એક વ્યવસ્થાપક કમિટિના સભ્ય તથા મંત્રીની સહી મંડળીના સિક્કા સહીત કરવાની રહેશે. શાખાએ તેની નીચે બ્રાંચ મેનેજરની સહી સહીતની શાખ મંજુરી અંગેની ભલામણ શેરા સહીત દર્શાવવાની રહેશે.
8. મંડળી તથા સભાસદો પાસેથી કરવામાં આવતી વસુલાતોમાંથી પ્રથમ પુરેપુરૂ વ્યાજ વસુલ કર્યા બાદ મુદ્દલ ખાતે રકમો જમા લેવાની રહેશે.
9. ખેડૂતે જે તારીખે કે.સી.સી. ધિરાણનો પ્રથમ ઉપાડ કરેલ હોય તે તારીખથી 364 દિવસ અથવા 30 મી જુન એમ બે પૈકી જે વહેલી તારીખ આવે તે તારીખ જે તે ખેડૂતની કે.સી.સી. ની પાકતી તારીખ રહેશે અને તે પાકતી તારીખ સુધીમાં ખેડૂતે કે.સી.સી. ખાતુ ચુકતે ભરપાઇ કરેલ હોય તેને જ સરકારશ્રી દ્વારા નક્કી થયેલ વ્યાજ રાહતનો લાભ મળી શકશે. અને જે તે ખેડૂત પાકતી તારીખ સુધીમાં કે.સી.સી. ખાતુ ચુકતે ભરપાઇ ન કરે તો તેવા ખેડૂતનું કે.સી.સી. ખાતું મુદ્દતવિતી ગણાશે અને બેંક મંડળીના નિયમ મુજબ દંડનીય વ્યાજ/રકમ આકારવામાં આવશે તેમજ મુ.વિ. કે.સી.સી. ખાતામાં સરકારશ્રી તરફથી મળનાર વ્યાજ રાહતનો લાભ મળી શકશે નહીં.
10. નાબાર્ડના પરીપત્ર અનુસાર કેન્દ્ર સરકારશ્રી તરફથી મળવા પાત્ર ૩% વ્યાજ રાહત નો ક્લેઇમ KCC ISS PORTAL માં ઓનલાઈન કરવાનો હોય છે સભાસદોની ઓનલાઈન એન્ટ્રી તેઓના આધાર કાર્ડ ફેચ કર્યા બાદ બાકીની વિગતો દર્શાવતી હોય છે. જે ખેડૂત સભાસદોના આધાર કાર્ડ પોર્ટલમાં ફેચ નહી થાય તેવા કિસ્સામાં ખેડૂત પોતાનું આધાર કાર્ડ અપડેટ કરાવવાનું રહેશે અન્યથા વ્યાજ રાહતનો લાભ મળી શકશે નહી અને ધોરણસરનું વ્યાજ સભાસદે ભરપાઈ કરવાનું રહેશે.
11. વ્યાપારી કે અન્ય બેંકોમાંથી જે સભાસદે ટુંકી કે મધ્યમ મુદ્દતનું કે અન્ય ખેતિ વિષયક ધિરાણ લીધુ હશે તેમને મંડળી કે બેંકમાંથી કોઇ પ્રકારનું કર્જ મળી શકશે નહીં. મંડળીએ આવા સભાસદોના શાખપત્રકોમાં સમાવેશ કરવો નહીં. તેમ છતાં કોઇ મંડળી આવા સભ્યોનો સમાવેશ કરશે તો તે મંડળીનાં મંત્રીની અંગત જવાબદારી રહેશે. સભાસદે ધારણ કરેલ ખેતીની જમીનની 7/12 નકલમાં જે સંસ્થા/બેંકના બોજાઓ હોય તેના ''નો ડ્યુઝ'' સર્ટીફિકેટ મેળવ્યા બાદ જ ખાત્રી કરીને જે તે સભાસદને શાખાએ ઉપાડ આપવાનો રહેશે. ત્યારબાદ અન્ય સંસ્થાનો પાક ધિરાણનો બોજો રદ કરાવવાનો રહેશે.
12. જે સભ્યોનાં એકરારનામા રેવન્યુ દફતરે નોંધાયેલા હોય તેવા સભ્યોને જ ધિરાણ આપવાનું રહેશે. નવા નોંધાયેલા એકરારનામાની ઝેરોક્ષ નકલ બેંકની શાખાને સુપરત કરવાની રહેશે. તમામ ધિરાણ લેતા સભાસદના એકરારનામાની એક નકલ બેંકની શાખાના રેકર્ડમાં હોવી જરૂરી છે. મંડળીના સભાસદે તેમજ નોમીનલ સભાસદે તેમની મંજુર થયેલ શાખની મંજુર રકમ નોંધાવવાની રહેશે.

13. ભારત સરકાર/નાબાર્ડનાં જણાવ્યા મુજબ પાક ધિરાણ મેળવતા ખેડૂતોને Rupay KCC Card ફરજીયાત ઈસ્યુ કરવાના હોય તે મુજબ અમલ કરવાનો રહેશે.
14. એક પ્રકારનું મ.મુ. / લાંબી મુદતનું ધિરાણ મંડળી પાસે બાકી હોય તેવા સભ્યોને બીજા પ્રકારનું મ.મુ. / લાંબી મુદત ધિરાણ સીધુ બેંક મારફતે મળી શકશે નહીં અને એક પ્રકારનું મ.મુ. / લાંબી મુદતનું ધિરાણ બેંક પાસે હોય તો બીજા પ્રકારનું મ.મુ. / લાંબી મુદત ધિરાણ મંડળી મારફતે મળી શકશે નહીં. જેથી આવા સભ્યોને મ.મુ. / લાંબી મુદતનાં શાખપત્રકમાં મંડળીએ સમાવેશ કરવાનો રહેશે નહીં.
15. પશુપાલન વ્યવસાય કરતાં પશુપાકોના પશુઓ નિભાવવા માટેના ખર્ચને પહોંચી વળવા માટે એનીમલ હસબન્ડરી ધિરાણ વર્કિંગ કેપીટલ માટે આપવામાં આવશે. આ બેંક/મંડળીમાંથી KCC ધિરાણ મેળવેલ હશે તેમને જ પશુ ધિરાણ મળી શકશે.

## (૩) <u>એકરારનામા</u>

- મંડળીએ ધિરાણ મેળવતા તમામ સભાસદો પાસેથી જમીન ઉપર મંડળીના નામનો બોજો એકરારનામા ઇ-ધરામાં મામલતદારશ્રી પાસેથી નોંધાવી લેવાના રહેશે. આ અંગે તલાટી કમ મંત્રીનો સંપર્ક સાધી દરેક ખેડૂતની એકરારનામા નોંધ્યાની ખાત્રી કરી 7-12 ની નકલ મેળવી કરવાની રહેશે. જો જમીનમાં એક કરતા વધારે નામ હોય તો એકરારનામામાં દરેક સભ્ય ની સહી લેવાની રહેશે. લોનની રકમ થી વધારે રકમ નો બોજો નોંધવાનો રહેશે.
- જે સભ્યોના નામમાં ફેરફાર હોય તેમને affidiviate કરી આપવાનું રહેશે જેની નકલ શાખામાં મંડળીના હોદ્દેદારો દ્વારા પ્રમાણિત કરી રજુ કરવાની રહેશે.

## (૪) <u>પ્રધાનમંત્રી ફસલ વીમા યોજના</u>

- સરકારશ્રીની પ્રધાનમંત્રી ફસલ વીમા યોજના પહેલા ફરજીયાત હતી. હવે વૈકલ્પીક યોજના અમલમાં છે. યોજનામાં જણાવેલ પાકો તથા શરતો મુજબ તેનો અમલ કરવામાં આવે અને જે તે વર્ષ - સીઝન માટે જાહેર થયેલ વિસ્તાર અને પાકો માટે વીમો લેવાનો ઈચ્છનિય રહેશે. વીમા પ્રિમીયમની રકમ સભાસદો પાસે વસુલ લેવાની હોય છે. જે અંગે ધિરાણના દરો ઉપરાંત શાખ, માંગણી કર્યેથી મંજુર કરી શકાશે અથવા તેમના ધિરાણ ખાતામાં પ્રિમીયમ રકમ ઉધારી સમયસર વીમો લેવા તથા પ્રિમીયમ અને જરૂરી માહિતી રજુ કરવાની જવાબદારી મંડળીની રહેશે. સરકારશ્રી મારફત માર્ગદર્શીકા મળ્યા બાદ વિમા અંગે જાણ કરવામાં આવશે.

(1) પાક વિમા યોજના (પ્રધાનમંત્રી ફસલ વિમા યોજના) અન્વયે રાજ્ય સરકારશ્રીના નોટીફીકેશન જે તે સીઝનનું રાજ્ય સરકારશ્રી તરફથી મળ્યે અલગથી પરિપત્ર કરી જાણ કરવામાં આવશે.

(2) લગત વિમા કંપની તરફથી અપનાવવાની થતી કાર્ય પધ્ધતિ અન્વયે લગત વિમા કંપની તરફથી સમયાંતરે આપવામાં આવતી સૂચનાનું મંડળીઓએ અચુક પાલન કરવાનું રહેશે. અને લગત વિમા કંપની તરફથી પાક વિમા યોજના અન્વયે માંગવામાં આવતી માહિતી પુરી પાડવા મંડળીઓને બંધનકર્તા રહેશે.

## (૫) કિસાન ક્રેડીટ કાર્ડ / જનરલ ક્રેડિટ કાર્ડ પાક ધિરાણ (વ્યક્તિગત)

આ યોજના બેંકમાં અમલમાં છે. ખેડૂતોને પાક ધિરાણ જીલ્લાની પ્રાથમિક ખેતી વિષયક મંડળી હોય તેમજ જ્યાં મંડળીઓ ધિરાણની કામગીરી કરતી ન હોય તેમને આ યોજના હેઠળ કિસાન ક્રેડીટ કાર્ડ મંજુર કરવામાં આવે છે.

આ યોજના અન્વયે ખેડૂતોને 'કિસાન ક્રેડીટ કાર્ડ' કમ પાસબુક આપવામાં આવશે. જેમાં કાર્ડ ધારકનું નામ, સરનામું, વિગેરેનો સમાવેશ થાય છે.

## A - કિસાન ક્રેડીટ કાર્ડ (KCC) / જનરલ ક્રેડિટ કાર્ડ (GCC) યોજનાના નીતિ નિયમો

1. આ યોજનામાં પાસબુકની સગવડ આપવામાં આવેલ છે.
2. ખેડૂતોને મળવાપાત્ર શાખ, ક્રેડીટ લીમીટ હાલના ધોરણે બેન્કે નક્કી કરેલ સ્કેલ ઓફ ફાયનાન્સ મુજબ મંડળીએ શાખ પત્રકમાં સભાસદોનો સમાવેશ કરી શાખ મંજુર કરાવવી.
3. બેંકના નિયત નમુના મુજબ તમામ સભાસદોની વિગત તૈયાર કરી કુલ રકમ જેટલી લોન મંજૂર કરવા માટે બેંકને અરજી કરવાની રહેશે.
4. મંડળી કક્ષાએ આવેલ તમામ વસુલાત તથા વ્યાજ બેંક કક્ષાએ જે તે લોન ખાતામાં જમા કરાવેલ હોવા જોઇએ.
5. જે તે શાખાએ બેંક લોન મંજૂર કરવા જે તે મંડળીઓ પાસે તમામ પત્રકો સહિત અરજી બે નકલમાં મેળવવાની રહેશે.
6. ખેડૂતોને પાકની જરૂરીયાત સમયે તુરંત જ નાણાં પુરા પાડવાનો આ યોજનાનો હેતુ છે. તેથી પાકનો સમય સમયાન્તરે નાણાંની જરૂરીયાતને ધ્યાનમાં લઇ નાણાં વારંવાર ઉપાડ કરવાની યોગ્ય માર્ગ રેખાઓ સ્થાનિક પરિસ્થિતિને આધારે આ બેંક નક્કી કરી શકશે.
7. સામાન્ય રીતે ખરીફ પાકો, રવિપાકો અને ઉનાળુ પાકો જેવા સીઝનલ ક્રોપ તેમજ શેરડી, કેળા, પપૈયા જેવા લાંબા ગાળાના પાકો તેમજ બાગાયતી પાકો, માટે કે જેનો પાકવાનો સમય 12 માસથી વધુ હોય તો પણ કેસીસી ધિરાણ ભરપાઇ કરવાની પાકતી મુદત ''પ્રોમ્પ્ટ પેઈંગ'' વ્યાજ રાહત યોજના અંતર્ગત 30મી જુનની રહેશે. આપણી વસુલાતની અંતિમ તારીખ 30મી જુન છે.
8. જમા/ઉધાર થતી દરેક રકમ માટે મંડળીએ જમા/ઉધાર સ્લીપનો ફરજીયાત અમલ કરવાનો રહેશે. અને મંડળી જમા રસીદ ઇસ્યુ કરી જે તે ખેડૂત સભ્યને આપશે અને પાસબુકમાં નોંધશે. સભ્યો મારફત આવેલ વસુલાતની રકમો નિયમિત ધોરણે જમા સ્લીપ આધારે બેંક લોન ખાતામાં ફરજીયાત જમા કરાવવાની રહેશે.

9. કિસાન ક્રેડીટ કાર્ડ સુવિધા ખેતી વિષયક હેતુ માટે ક્રેડીટ ધિરાણનું સ્વરૂપ છે. બિનઉપજાવ મિલ્કત (NPA) ના નિયમો આ ક્રેડીટ કાર્ડ ખાતાને લાગુ પડશે. આ ખાતુ મુદ્દતવીતી થયા પછી જો બે પાક સીઝનમાં વસુલ આવશે નહીં તો તે બિનઉપજાવ મિલ્કત (NPA) તરીકે ગણાશે.
10. આમ ઉપરોક્ત મુદ્દાઓમાં સ્પષ્ટતા કરવાની કે ખાતેદારનાં આ ધિરાણ ખાતામાં તેની મંજુર શાખ કરતા લોનની બાકી કોઈપણ સંજોગોમાં વધવી જોઈએ નહીં તેમજ નિયત મુદ્દતમાં વધુમાં વધુ થતા વ્યાજ જેટલી રકમ જમા થવી જરૂરી રહેશે.
11. ગત વર્ષે જે સભાસદોએ લોનનો ઉપાડ કરેલ છે તેટલા સભ્યોનું શાખ પત્રક બનાવવું અને કોઈ નવા સભ્યો મંડળીમાંથી ધિરાણ મેળવવા માંગતા હોય તો તેવા સભ્યોનો શાખ પત્રકમાં સમાવેશ કરવો અને આવા નવા સભ્યોની નીચે વિગતેની માહિતી પત્રક શાખામાં રજું કરવાનું રહેશે.
12. નવા સભ્યોની અરજી મેળવી તેની શાખાએ નકલ રજૂ કરવી.
13. નવા સભ્યો પાસેથી સભ્ય શેરની રકમ લેવાની રહેશે. જ્યારે ધિરાણના પ્રમાણમાં શેરની રકમ ઉપાડ સમયે લેવાની રહેશે.
14. નવા સભ્યોનો બેન્કમાં એકાઉન્ટ ખોલાવ્યાનો આધાર/પુરાવો એકાઉન્ટ નંબર સાથે રજૂ કરવો.
15. નવા સભ્યોની ઉપાડની જરૂરિયાત ધ્યાને લઈને જ શાખ મંજૂર કરવી.
16. નવા સભ્યોની બોજા નોંધ માટેના આધાર રજૂ કરવા.
17. મંડળીએ ખરીફ પાક - રવિપાક - પશુપાલન ની અલગ- અલગ અરજી કરવાની રહેશે .(GCC ની ખરીફ પાક સાથે માંગણી કરવાની રહેશે )
18. તમામ મંડળીઓએ તારીખ ૩૧/૦૫/૨૦૨૬ સુધીમાં શાખ -લોન મંજુર કરાવવી.
19. શાખ પત્રકની સોફ્ટ કોપી શાખાને ઇ-મેઈલથી મોકલવાની રહેશે, જેની નકલ શાખામાંથી પ્રિન્ટ કાઢીને આપશે, જેમાં સહી-સિક્કા કરાવી તે શાખાને મંડળીએ રજૂ કરવાના રહેશે.
20. શાખ પત્રક સાથે સભ્યોના તાજેતરના ૭/૧૨ ની જગ્યાએ ફક્ત રેવન્યુ પત્રક નંબર ૭ તથા ૮-અ તેમજ સભાસદના આધારકાર્ડની નકલ લેવાની રહેશે, એકરારનામું શાખપત્રક સાથે રજુ કરવું.
21. ૭/૧૨ અને આધાર કાર્ડ માં નામની વિગત માં ફેરફાર હોય તો એફિડેવિટ શાખ પત્રક સમયે રજુ કરવાની રહેશે.
22. નવા સભ્યોના ૭ નંબર માં કોઈ બેંક અથવા અન્ય સંસ્થાનો બોજો હોય તો, ''નો ડયું '' સર્ટિ ઉપાડ સમયે લેવાનું રહેશે.
23. ૭/૧૨, ૮-અ, માં સગીર નું નામ હોય તો આવું ધિરાણ માત્ર અધિકૃત અધિકારી ના પત્ર ને ધ્યાન માં લઈ ને જ થઇ શકશે આ સિવાય સગીર ના નામે ધિરાણ કરી શકાશે નહીં. તેમજ મૈયત સભાસદના નામે શાખ મંજુર કરાવી શકાશે નહીં. આવું ધિરાણ થશે તો તે રકમ મંડળીના હોદ્દાદેરો પાસેથી વસુલ લેવામાં આવશે. મૈયત સભાસદના વારસદારને સભ્ય બનાવીને તેના નામે શાખપત્રક મંજુર કરાવવાનું રહેશે.
24. પુરવણી શાખ/લોન માટે શાખ પત્રક રજૂ કર્યા બાદ પછીના માસમાં ૨ વખત રજૂ કરી શકશે.
25. કે.સી.સી/જી.સી.સી/પશુપાલન ધિરાણ ધિરાણ નીતિ પ્રમાણે શાખ મંજૂર કરાશે હાલમાં સરકારશ્રીના નિયમાનુસાર વધુમાં વધુ રૂ.૩,૦૦,૦૦૦/- સુધીનું ધિરાણ ઈન્ટરસ્ટ સબવેન્સન ને પાત્ર રહેશે .

26. તમામ પ્રકારના ધિરાણ મળી એક હેકટર દીઠ રૂ. ૨૦,૦૦,૦૦૦/- ની મર્યાદા રહેશે. (ખરીફ પાક - રવિપાક - પશુપાલન - જી. સી. સી. - મધ્ય મુદત )
27. એક ખેડૂત સભાસદ ને મહતમ ૧૫ હેક્ટર જમીન પર ધીરાણ આપવાનું રહેશે, જો કોઈ સભાસદ ને ૧૫ હેક્ટર ઉપર ધિરાણ આપવાનું હોય તેનું શાખ પત્રક અલગથી બનાવવાનું રહેશે, જેની મંજૂરી બોર્ડ ઓફ ડિરેક્ટર્સની એકઝીક્યુટિવ કમિટીની મિટિંગના નિર્ણયને આધિન આપવામાં આવશે.
28. મંડળીના સભાસદની જમીન બે અલગ-અલગ મંડળીના કાર્યક્ષેત્રમાં આવતી હોય તો તેમને તેના રહેણાંક ના કાર્યક્ષેત્રની મંડળી માંથી ધિરાણ મેળવવાનું રહેશે.
29. મંડળીએ દર માસની ૫ તારીખ સુધીમાં તારીજ/સરવૈયા શાખામાં રજું કરવાના રહેશે. અને ત્રિમાસિક બચત/ચાલુ/લોનના ખાતાઓનું બેલેન્સ સર્ટિ તારીજ/સરવૈયા સાથે શાખામાં રજું કરવાના રહેશે.
30. નિયમ મુજબના ઠરાવો મંડળી ના લેટરપેડ પર ખરી નકલ કરી રજુ કરવાના રહેશે.
31. તમામ વ્ય.કમિટીના સભ્યો મંડળીમાંથી ધિરાણ મેળવે તે અંગે સૂચન કરવું.
32. ધિરાણ મેળવતા તમામ સભ્યો PMSBY તથા PMJJBY યોજનામાં જોડાયેલ ન હોય તો તેઓને આ યોજના અંગે આગ્રહ રાખવો .
33. મંડળીના કમિટી નું પત્રક સંપૂર્ણ વિગત જેવી કે, નામ, શેરની વિગત, મોબાઈલ નંબર, સંપૂર્ણ હાલનુ એડ્રેસ તથા મેળવેલ ધિરાણની વિગત દર્શાવતું પત્રક મેળવવાનું રહેશે. (આપેલ નમૂના મુજબ)
34. કોઈ પણ પ્રકારના ધિરાણ શેડો એકાઉન્ટ મારફત કરવાના હોય, સભાસદોને લોન ખાતામાંથી જ ઉપાડ આપવાનો રહેશે. સ્વભંડોળમાંથી ચાલુ ખાતામાં ચેકથી ધિરાણ કરી શકાશે નહી. ચાલુ ખાતામાંથી રકમ લોન ખાતામાં ભરી શકશે.
35. મંડળીએ સભાસદના બાકીદારના પત્રકમાં તારીખ મુદલ ઉધારેલ વ્યાજ સાથેનું પત્રક આપવાનું રહેશે. (આપેલ નમૂના મુજબ)
36. સંસ્થાના રોકાણનું વિગતવારનું પત્રક શાખ પત્રક સાથે લેવાને બદલે તપાસણી સમયે આપેલ નમૂના મુજબનું પત્રક લેવાનું રહેશે, જેની ચકાસણી રજીસ્ટર સાથે કરવાની રહેશે. (આપેલ નમૂના મુજબ)
37. થાપણનું પત્રક શાખ પત્રક સાથે લેવાને બદલે નમૂના મુજબનું મંડળી દ્વારા બનાવેલ પત્રક તપાસણી સમયે મંડળીના રજીસ્ટર સાથે ચકાસણી કરવાની રહેશે. (આપેલ નમૂના મુજબ)
38. બેંકના સોફ્ટવેરમાં આપેલ શાખપત્રકથી બેંક દ્વારા કાઢવામાં આવેલ શાખપત્રકની નકલમાં બેંકમાં બ્રાંચ અધિકારીની રૂબરૂમાં પ્રમુખ -મંત્રી અને કમિટી સભ્ય એ સહી કરવાની રહેશે .
39. બેંક દ્વારા મંડળીમાં શાખ પત્રક પરથી શાખ પૈકી ઉપાડની રકમની સંમતિ માટે તૈયાર કરવામાં આવેલ પત્રકમાં શાખા અધિકારીની રૂબરૂમાં સભાસદે સહી કરવાની રહેશે તેથી બ્રાંચ મેનેજર સાથે આયોજન કરી સભાસદોને ઉપાડ પહેલા અનુકૂળતાએ સહીઓ કરવા મોકલવાના રહેશે .
40. ચેક લિસ્ટમાં જે સભાસદોએ શાખામાં ઉપાડ અંગે સંમતિ પત્રકમાં સહી કરેલ હોય તેવા જ સભ્યોને સમાવેશ કરવાનો રહેશે .
41. તમામ મંડળીઓએ બ્રાન્ચ મેનેજર સાથે ધિરાણ લિસ્ટ રજુ કરવા માટે અગાઉથી આયોજન કરી હાજર રહી શકે તેવા સભ્યોના જ ચેક લિસ્ટ રજુ કરવાના રહેશે નક્કી થયેલ દિવસ અને સમય મુજબ રજુ કરવાના રહેશે .

42. વર્ષ :-૨૦૨૨/૨૦૨૩ અને ૨૦૨૩/૨૦૨૪ ના બેંકના મુ. વી . મંડળીની કરજ અરજી રજુ કરતાં સમયે મંડળીના તમામ મુ.વી.સભ્યોના રેવન્યુ રાહે વસૂલાતની કાર્યવાહીની પ્રક્રિયા કરેલ હોવી જોઈએ ,૧૦૩-૧૦૬/૧ મુજબના કરેલ કાર્યવાહીના પ્રમાણપત્રકો શાખામાં રજુ કરવાના રહેશે .

43. શાખા સાથે સંયોજિત મંડળી પાસે બેંકનું સને ૨૦૨૪-૨૦૨૫ નું મુ. વી. લેણું બાકી રહેશે તે મંડળીએ શાખામાં શાખ પત્રક રજુ કરવાના રહેશે નહીં

44. કરજ અરજી રજુ કરતાં સમયે મંડળીની તપાસણીના વાસ્તવિક દુરસ્તી રિપોર્ટ કરેલ હોવા જોઈએ.

45. મંડળી/ નૉમિનલ તેના સભાસદોને નવી શરતની જમીન ઉપર ધિરાણ કરી શકશે નહીં

46. નીચેના મુદાઓની મંડળીઓને જાણ કરવાની રહેશે

(૧) જે મંડળીઓના એકાઉન્ટ શેડો એકાઉન્ટમાં રકમ જમા કરવા માટે કોમ્પ્યુટર જનરેટેડ સ્લીપ બનાવવાની હોય તો, તેને બેંકના નમૂના મુજબ બનાવવાની રહેશે અને સિરિયલ નંબરમાં તમારી શાખાનાઓ કોડ / મંડળીના કાર્યક્ષેત્રમાં ગામનો કોડ / ૦૦૦૧ થી સિરિયલ નંબર આપવાના રહેશે.

(૩) મંડળી પાસેથી લોન ઉપાડ સમયે નમૂના મુજબના ઠરાવો લેવાના રહેશે.

47. વ્યાજ ના દર :-

| KCC / GCC | વ્યાજ દર મંડળી માટે KCC ધિરાણ | વ્યાજ દર મંડળીએ તેના સભાસદો માટે KCC ધિરાણ | વ્યાજ દર નૉમિનલ (વ્યક્તિગત) ધિરાણ |
|---|---|---|---|
| KCC ખરીફ/રવિ | ૬.૦૦% | ૭.૦૦% | ૭.૦૦% |
| KCC 3 લાખ ઉપર | ૧૦.૦૦% | ૧૨.૦૦% | ૧૧.૦૦% |
| GCC | ૧૦.૦૦% | ૧૨.૦૦% | ૧૧.૦૦% |

કે.સી.સી.નાં કેશ ક્રેડીટ ખાતામાં તા.30મી જુને બાકી રહેલા મુદ્દલ તથા વ્યાજ મુદ્દતવિતી ગણાશે. આવા મુદ્દતવિતી લોન ખાતા પૈકી રૂપિયા 3 લાખ સુધીના ખાતામાં મુદ્દતવિતી તારીખથી વ્યાજનો દર 13% લાગું પડશે અને આ જ પ્રમાણે મંડળીએ તેઓની પાસેથી 15% લેખે વ્યાજનો દર આકારવાનો રહેશે. મુદ્દત ચુકેથી (KCC - ૩ લાખ ઉપર, અને GCC) બેંક અને મંડળીએ 2% વહીવટી ખર્ચ આકારવાનું રહેશે. વ્યાજદર બેંકની પોલીસી મુજબ જે તે સમયે અમલમાં હશે તે લાગુ પડશે.

48. વસુલાતની પુરેપુરી રકમ લોન / વ્યાજ ખાતામાં જમા કરાવેલ હશે તેવી જ મંડળીઓને નવો ઉપાડ કરવા દેવામાં આવશે. દરેક ઉપાડ મંજુર કરતાં આવેલી વસુલાત બેંકમાં ભરેલ છે તે બ્રાન્ચ મેનેજરે ચકાસી લેવું. જો અન્યત્ર ઉપયોગ થયેલ હોય તો બ્રાન્ચ મેનેજરે ખરાઈ કરી આ રકમ લોન / વ્યાજ ખાતામાં જમા કરાવવા કાર્યવાહી કરવી.

49. બોજાવાળી કોઈપણ જમીનનું વેચાણ થયેલ હોય અથવા વારસદારોમાં વહેંચણીમાં ભાગ પાડેલ હોય કે બીજાને નામે જમીન તબદીલ થયેલ હોય તો તેવી જમીન ઉપર નવું ધિરાણ કરતા પહેલા મુળ ખાતેદાર પાસે કોઈપણ નાણાંકીય સંસ્થાનું કરજ બાકી નથી તેવો દાખલો મંડળીએ મેળવી લેવાનો રહેશે. મંડળીનું ધિરાણ બાકી હોવા છતાં જમીનનું વેચાણ યા તબદીલ કરવા કાર્યવાહી થયેલ હોય કે નામ ફેરફાર કરવા તજવીજ ચાલતી હોય તેવા કિસ્સામાં એન્ટ્રી નહીં પાડવા કે ના મંજુર કરવા યા પાડેલ એન્ટ્રી કેન્સલ કરી જમીન મૂળ

સ્થિતિમાં લાવવા કે દસ્તાવેજ કેન્સલ કરવા તલાટી / મામલતદારશ્રી/તેમજ પ્રાંત અધિકારીશ્રીને અપીલની કાર્યવાહી મંડળીના કાર્યવાહકોએ ફરજીયાતપણે કરવી પડશે. તેમજ સરકારશ્રીના પરિપત્રનો ઉલ્લેખ કરવા બ્રાન્ચ મેનેજર આ અંગે કાળજી લઇ અમલ કરવાનો રહેશે.

50. જે મંડળી પાસે બેંકનું કરજ બાકી છે તેવી મંડળી બેંકની પૂર્વ મંજુરી વિના બીજી મંડળીઓમાં કે બેંકમાં થાપણો મુકી શકશે નહીં.

51. મંડળીએ નિમણૂંક કરેલ મંત્રીની કામગીરી બાબતે અગર તેનાં પગાર બાબતમાં મંડળીમાં બેંકનું હિત જોખમાતું લાગશે તો બેંક વાંધો લઇ યોગ્ય કાર્યવાહી કરાવવા મંડળીની વ્ય. કમિટીને જણાવશે અને તેનો અમલ મંડળીએ કરવાનો રહેશે. અન્યથા બેંક મંડળી સાથેનો નાણાંકીય વ્યવહાર અટકાવી શકશે.

52. મંડળીના (2) બે વર્ષ અને તે ઉપરના મુદ્દતવિતી બાકીદારો ઉપર 106/1 મુજબના કાગળો કરી પ્રમાણપત્ર માટે ફરજીયાતપણે મોકલી આપવાનાં છે. આ બાબતે બ્રાન્ચ મેનેજરે જરૂરી અમલ કરાવવાનો રહેશે.

53. મંડળીના કમીટી સભ્ય મુદ્દતવિતી બાકીદાર ન હોવો જોઇએ અને મંડળીમાં ગેરરીતી કરેલ હોદ્દેદારો કે કર્મચારી હોય તો તેને દુર કરી દેવા ને તે અંગે કાયદેસર કાર્યવાહી મંડળી એ કરવાની રહેશે.

54. મંડળીએ સભાસદોને મંજુર શાખની મર્યાદામાં કેસીસી પાક ધિરાણ કરવાનું રહેશે. શાખ ઉપરાંતનું ધિરાણ કરવામાં આવશે તો તે વસૂલ કરવામાં આવશે અને બીજો ઉપાડ અટકાવવાની ફરજ પડશે.

55. મંડળીની વ્ય.કમિટીના તમામ કમીટી સભ્યોએ મંડળી મારફત ધિરાણ મેળવવું ઇચ્છનીય છે.

56. કર્જ લેનાર તમામ સભાસદોના એકરારનામા ત્રણ નકલમાં લઇ ઇ-ધરા મામલતદાર પાસે નોંધાવવાના રહેશે એકરારનામાની એક નકલ શાખામાં આપવાની રહેશે.

57. સરકારી ઓડીટ તથા બેંકના ઇન્સ્પેકશન દરમ્યાન જણાવેલી ક્ષતિઓની વાસ્તવિક દુરસ્તી નોંધ શાખામાં મોકલવાની બાકી હોય તો શાખામાં આપવાની રહેશે. અને તેની ખરાઈ સક્ષમ અધિકારીના શેરો સાથે મેળવી લેવાની રહશે.

58. બેંકની પરવાનગી વગર મેમ્બર શેરની રકમ પરત કરી શકાશે નહીં.

59. પુરેપુરી રકમ વ્યાજ સાથે વસુલ આવ્યા બાદ સભાસદને જે જમીન પરથી મંડળીનો બોજો કમી કરાવવાનો હશે તો તેની બોજા મુક્તિની અરજી મેળવ્યા બાદ મંડળી અને બેંકની સંયુક્ત સહીથી દાખલો આપવાનો રહેશે.

60. મંજુરીપત્રની તમામ શરતોનું પાલન કરવાની બાંહેધરી આપતો વ્યવસ્થાપક કમીટીનો ઠરાવ શાખામાં રજુ કરવાનો રહેશે.

61. સભાસદો પાસેથી મંડળીના પેટા નિયમની જોગવાઈ પ્રમાણે શેર જળવાતા હોય તો જ ધિરાણ થઈ શકશે. મંડળીએ બેંકની વખતોવખતની સુચના અનુસાર નિયમ મુજબના શેર ધારણ કરવાના રહેશે, અને તે મુજબ મંડળીના કુલ બેંક બાકી ધિરાણની (તમામ પ્રકારની ધિરાણની કુલ) રકમ તથા ઉપાડની રકમ ઉમેરતા થતી કુલ રકમના ૩.૫ ટકા બેંકનાં શેર ધારણ કરેલા હોવા જોઈશે અને તેમાં ઘટ હશે તો તેટલી રકમનાં શેરની કપાત કર્યા બાદ ઉપાડ કરવા દેવામાં આવશે.

62. જે સભાસદે વ્યાપારી બેંકો/કે અન્ય સંસ્થામાંથી પાક ધિરાણ મેળવ્યું હશે. તેમને પાક ધિરાણ કરી શકાશે નહીં. સભાસદે ધારણ કરેલ ખેતીની જમીનની 7/12 નકલમાં જે સંસ્થા/બેંકના બોજાઓ હોય તેના ''નો ડ્યુઝ'' સર્ટીફિકેટ મેળવ્યા બાદ જ ખાત્રી કરીને જે તે સભાસદને શાખાએ ઉપાડ આપવાનો રહેશે. ત્યારબાદ અન્ય સંસ્થાનો પાક ધિરાણનો બોજો રદ કરાવવાનો રહેશે.

63. મધ્યમ મુદ્દત કે લાંબી મુદ્દત ધિરાણવાળા મુદ્દતવિતી બાકીદારોને નવા વર્ષનું ટુંકી મુદ્દતનું ધિરાણ થઇ શકશે નહીં. આ બાબતે શાખાએ ખાત્રી કરીને જ ધિરાણ કરવાનું રહેશે.

64. શાખાએ જે તે મંડળીની તપાસણી દરમ્યાન તપાસણી પૂર્ણ કર્યાના છેલ્લા દિવસે બાકીદાર સભ્યોની છેવટની ધિરાણ બાકીની ખરાઇ કરવા રેન્ડમલી બાકીદારોની રૂબરૂ/ટિલિફોનિક મુલાકાત લઇ ધિરાણબાકીની રજુઆત મેળવવાની રહેશે અને તે રજુઆત યાદી જે તે સમયે તપાસણી મેમા સાથે સામેલ કરવાના રહેશે.

65. શાખાએ નીચેના પેપર્સની ખાત્રી કરવાની રહેશે. ત્યાર પછી જ જે તે સભાસદોને મંજુર શાખનો ઉપાડ આપવાનો રહેશે. શાખાએ આ બાબત ખાસ ધ્યાને લેવાની રહેશે.

- 7/12 તથા 8-અ ની તાજેતરની નકલ લેવી (જે, ૨ - મહિના થી જૂની ન હોવી જોઈએ) અને જો તે ૭/૧૨ તથા ૮-અ માં તલાટી કે મામલતદાર ના સહી સિક્કા ના હોય તો (ANY-ROR) સાથે ચેક (ખરાઈ) કરીને જ ધિરાણ કરવું.
- 7/12 ઉપર જે સંસ્થા કે બેંકનો બોજો હોય તો તેના નો-ડ્યૂ નો દાખલો લેવો અને જે તે સંસ્થા નો બોજો રદ કરવા સૂચન કરવું
- અરજદાર સંયુક્ત રીતે જમીન ધારણ કરતા હોય તો એકરાર નામા માં સંયુક્ત જમીનધારકોની સહી લેવાની તેમજ સદર જમીન ઉપર લોન લેવા અંગેનો બોજો પડાવવા અંગેનો સંમતિપત્ર રૂ.300/- ના સ્ટેમ્પ પેપર ઉપર મેળવવાનો રહેશે. નોટરાઇઝ્ડ કરાવવાનું રહેશે.
- તેમજ નોટરીએ બી ફોર મિ નો સિક્કો મારવો ફરજીયાત છે જે અરજદારોએ નોટરીનું આ અંગે ધ્યાન દોરવું હિતાવહ છે.
- સંયુક્ત નામે જમીન હોય તો રૂ.૩૦૦/-ના સ્ટેમ્પ પેપરમાં બેંકે આપેલ નમુનામાં કુલમુખત્યારનામું તમામ ખાતેદારોની સહીથી મેળવી ,વકીલ પાસે નોટરાઇઝ્ડ કર્યા બાદ બેંકમાં એકરારનામું રજુ કરવાનું રહેશે.
- સંયુક્ત જમીનના ખાતેદારોના કિસ્સામાં આ ખાતેદારો પૈકી કોઈ એક ખાતેદારના નામે અન્ય ખાતેદારોએ કરી આપેલ ''કુલમુખત્યાર પત્ર'' ના આધારે ધિરાણ કરવામાં આવશે. પરંતુ ખાતેદાર સિવાયના અન્ય વ્યક્તિના નામે કરી આપેલ ''કુલમુખત્યાર પત્ર'' ના આધારે ધિરાણ કરવામાં આવશે નહી. જમીન ધારક મૂળ સભાસદ ગુજરી ગયેલ હોય અને વારસાઈ એન્ટ્રી પડેલ ન હોય તેવા કિસસામાં સીધીલીટીના વારસદારની જાણ હોવા છતાં ધિરાણ થઈ શકશે નહી (જો ધિરાણ કરવું હોય તો વારસાઈ એન્ટ્રી મંજૂર થયેલ હોવી જોઈએ અથવા તે અંગેની પ્રક્રિયા કરેલ હોવી જોઈએ)

## B - અગત્ય ના મુદ્દાઓ

1. મંડળીના સ્વભંડોળનો ધિરાણના ઉપયોગ માટે બેંકની પૂર્વ મંજુરી લેવાની રહેશે અને બેંક જણાવે તે રીતે કરવાનો રહેશે.
2. મંડળીએ ધિરાણના ઉપાડ સમયે મંડળીના રાઉન્ડ સીલ સાથેનું મંત્રીશ્રી તથા પ્રમુખશ્રીના સહી સિકકા સાથેનું મંડળીની સાચી અને વાસ્તવીક પરિસ્થિતીતી દર્શાવતુ છેલ્લુ સરવૈયુ , તારીજ તથા અન્ય આનુસાંગીક તમામ પત્રકો બેંકની શાખાને રજુ કર્યા બાદ જ ઉપાડ આપવામાં આવશે.
3. સભાસદોને મંડળીએ **KCC** પાસબુક ઈસ્યુ કર્યા પછી જ યોજના હેઠળના ધિરાણ ખાતાઓમાં વ્યવહાર કરી શકાશે, મંડળીના સભાસદોએ મંડળીની ઓફીસે પાસબુક રજુ કરી તેની મંજુર થયેલ શાખની મર્યાદામાંથી તેના ખેતી પાક આનુશાંગિક જરૂરીયાત માટે ઉપાડ કરી શકાશે, અને મંડળીને સભાસદે અરજી રજુ કર્યે મંડળીએ આવા સભાસદોને ઉપાડ અંગેનું નિયત નમૂનાનું લિસ્ટ તૈયાર કરી બેંકમાં રજૂ કરીએ સભાસદોના શેડો એકાઉન્ટ મારફત મંડળીના લોન ખાતે ડેબિટ કરી સભાસદોના બચત ખાતાઓમાં જમા આપવામાં આવશે.
4. મંડળીના તમામ લોન ખાતાઓ પૈકી કોઈપણ પ્રકારનું વ્યાજલેણું બાકી હશે તે ભરપાઈ થયા બાદ જ ઉપાડ આપવામાં આવશે. તેમજ ઉપાડ સમયે મંડળીએ મંડળીના સભાસદનાં ક્રેડીટ કાર્ડ, મંજુરીપત્રક મુજબ ઉપાડ અરજી (કે.સી.સી. લોન-૭૨) બ્રાંચ મેનેજરે મંજુર કર્યા બાદ તે વિગત મુજબ ઉપાડ કરવાનો રહેશે.
5. ઉપાડ થતી કે ભરપાઈ થતી રકમોના તમામ વાઉચરની નોંધ તથા તમામ વ્યવહારોની નોંધ સભાસદની પાસબુકમાં ફરજીયાત કરવાની રહેશે, મંડળી લેવલે કર્જ ખાતાવહીમાં વ્યકિતગત ખાતાઓ રાખવાના રહેશે.
6. બ્રાંચ મેનેજર તરફથી મંડળીને જણાવેલ સુચનાઓ અને ક્ષતિઓ અંગે સંતોષકારક દુરસ્તી થયા બાદ જ ઉપાડ આપવામાં આવશે.
7. સભાસદોએ જે પાકનું વાવેતર કરેલ હોય તે અંગેના વાવેતર કર્યા પછીના રેવન્યુ રેકર્ડના આધાર પુરાવાની મંત્રીશ્રીએ તેમજ વ્ય.કમિટિએ ઠરાવથી ખાત્રી આપવાની રહેશે.
8. શાખ પત્રકમાં સભ્યની ગમે તેટલી રકમની શાખ મંજુર થયેલ હશે તેમ છતાં મંડળીની વ્યવસ્થાપક કમીટીના સભ્યોએ સભ્યની ઉત્પાદન શકિત અને કરજ પરત ભરવાની શકિત ધ્યાનમાં લઈને તમામ દસ્તાવેજો મેળવી ધિરાણ આપવાનું રહેશે આવું ધિરાણ વસુલ આવે તેવું નથી તેમ બેંકના અભિપ્રાયે જણાશે તો આવી રકમ માટે મંડળીના મંત્રી/પ્રમુખ અને વ્યવસ્થાપક કમીટીના સભ્યો એકામતે એકજુથે જવાબદાર રહેશે.
9. મંડળીએ ઉપાડ સમયે આગલા દિવસના સરવૈયા મુજબની હાથ પરની સીલીક બેંકમાં જમા કરાવ્યા બાદ ઉપાડ મંજુર કરવામાં આવશે. અને ઉપાડ બાદ દર માસે એક વખત કોઈપણ દિવસે હાથ પરની સિલીક નીલ કરવાની રહેશે અને તે અંગેની જાણ બ્રાંચ મેનેજરને કરવાની રહેશે.

10. બેંકના વ્યાજ દર નાબાર્ડ, રીઝર્વ બેંક ઓફ ઈન્ડીયાની માર્ગદર્શક સુચનાઓ તથા સરકારશ્રી અને સહકારી કાયદાને અનુસરી બેંકની ક્રેડીટ પોલીસી અંગે બેંકની એકઝીકયુટીવ કમીટીએ કરેલા નિર્ણય અનુસાર વખતો વખત થતા ફેરફારને આધીન નકકી થયેલ વ્યાજ દર અને વ્યાજ ઉધારવાની નીતિ મુજબ મંડળીએ અમલ કરવાનો રહેશે અને તે મુજબ બેંકના અમલમાં રહેલ વ્યાજ અંગેના પરિપત્રોનું પાલન કરવાનું રહેશે, મંડળીનું ચડત વ્યાજ કે મુદતવિતેલ કોઈ લેણું કે નિયત માર્જિનની તુટતી રકમ મંડળીના ખાતેથી ગમે ત્યારે વગર નોટીસે ઉધારી વસુલ લેવાનો બેંકને અધિકાર રહેશે.
11. બેંક મારફત મંડળીઓ તેમજ બેંકમાંથી સિધ્ધુ ધિરાણ મેળવતા તમામ સભાસદો માટે રૂ.૫ લાખ નો અકસ્માત વિમા પોલિસી લેવામાં આવે છે જે અંતર્ગત મંડળી લેવલે ધિરાણ મેળવતા સભાસદોની માહિતી આપવાની રહેશે શાખા દ્વારા સિધ્ધુ ધિરાણ મેળવતા સભાસદોની માહિતી શાખાએ આપવાની રહેશે. માહિતી સમયસર ન મળવાના કારણે અકસ્માત વીમાથી વંચિત રહેશે તો મંડળી લેવલે મંત્રીશ્રી/પ્રમુખશ્રી રહેશે શાખા લેવલે બ્રાંચ મેનેજરની જવાબદારી રહેશે.
12. અધિકૃત હોદેદારોની અધિકાર આપેલ પંચો ના સહી ના નમૂના તથા ઠરાવ મુજબ ની સહીઓવાળા કરારપત્ર, કન્ટીન્યુંઈંગ ગેરંટી બોન્ડ, વચનચિઠ્ઠી અને (૧) શરતોનાં પાલન અંગેના ઠરાવ (૨) નાણાંના ઉપાડ માટેના ઠરાવ તથા (૩) દસ્તાવેજી કાગળો પર સહી કરવાના અધિકાર આપતો ઠરાવ અને અન્ય જરૂરી ઠરાવો તથા સહીના નમુનાઓ, છેલ્લી તારીખનું મંડળીનું તથા ગ્રાહક ભંડારનું સરવૈયું વિગેરે સાધનિક કાગળો બેંકની સબંધિત શાખામાં રજુ કર્યાબાદ સભ્યવાર નમુના મુજબના માંગણા પત્રકો મંજુર કરાવી શરતો મુજબ નાણાંનો ઉપાડ થઈ શકશે.
13. મંડળી ને ઉપાડ આપતા પહેલા મંડળીની મુલાકાત લઈ મંડળીની તમામ માહિતી અને જરૂરી કાગળો મેળવ્યા બાદ મંડળીની છેલ્લી નાણાકીય સ્થિતીની સંપૂર્ણપણે ચકાસણી કરી તમામ સભ્યોના સભાસદપણાની **KYC** નોર્મ્સ મુજબ ખરાઈ કરી **KYC** નોર્મ્સ મુજબ બેન્કમાં બચત ખાતા ખોલ્યા બાદ તેમજ રૂપે કે.સી.સી.કાર્ડ ઈસ્યુ કર્યા પછી ચેકલીસ્ટ મેળવીનેજ ઉપાડ આપવાનો રહેશે.
14. સહકારી ખાતા તરફથી થયેલ મંડળીના ઓડીટ દુરસ્તી અહેવાલ તથા બેંકની તપાસણી નોંધનો દુરસ્તી અહેવાલ બેંકની શાખામાં રજુ થયા બાદ જ ઉપાડ થઈ શકશે. પ્રો. વૈદ્યનાથન કમીટીની ભલામણ અનુસાર અમલમાં આવેલ સમાન હિસાબી પધ્ધતિ (**CAS**) મુજબ મંડળીએ દફતરો જાળવવાના રહેશે અને આગામી ત્રણ વર્ષ માટેનો **BDP** પ્લાન તૈયાર કરી શાખામાં રજુ કરવાનો રહેશે. નિયત કરેલ એમ.આઈ.એસ. મુજબનાં તમામ પત્રકો દર માસે તેમજ અન્ય માહિતી સાથે સરવૈયા, તારીજ, સ્ટોક પત્રક શાખાને રજુ કરવાના રહેશે અને બેંક તરફથી માંગવામાં આવતી માહિતીઓ અને બોલાવેલ મીટીંગમાં રજુ કરવાનાં પત્રકો મંડળીનાં લેટરપેડ ઉપર ફોરર્વડીંગ લેટર સાથે શાખામાં રજુ કરવાનાં રહેશે અને મીટીંગમાં હાજરી ફરજીયાત રીતે આપવાની રહેશે. આકસ્મીક સંજોગોમાં હાજર ન રહી શકે તેવા સંજોગોએ ગેરહાજર રહેવા અંગેનો પત્ર પ્રમુખશ્રીની સહીવાળો શાખામાં મોકલી દેવાનો રહેશે.

## C - નીચેના સંજોગોમાં શાખપત્રક બેંક સ્વીકારશે નહીં

1. શાખા એ મંડળી ઈમ્બેલેન્સ છે કે કેમ તે ખરાઈ કરવી અને જો ઈમબેલેન્સ જાણાય તો તે મંડળી ની શાખ મંજૂર કરવી નહીં.
2. મંડળી 'ડ' વર્ગની હશે તો.
3. મંડળી બેંકની સુચનાનું પાલન ન કરતી હશે તથા મંજુર શાખથી વધુનું ધિરાણ યા મંજુર શાખ વિનાનું ધિરાણ કરેલ હશે તો.
4. મંડળીને ફડચાનો આદેશ મળેલ હશે તો અગર જિલ્લા રજિસ્ટ્રારશ્રીને ફડચાની દરખાસ્ત કરેલ હશે તો.
5. મુદ્દતવિતી બાકીદાર કમીટી સભ્યોને છુટા કર્યા વિના ધિરાણ મેળવવાનો ઠરાવ કરેલ હશે તો.
6. મંડળીમાં જીલ્લા રજીસ્ટ્રાર તરફથી વહીવટદારની નિમણૂંકનો હુકમ થયેલ હશે અને તની સામે મંડળી અપીલમાં ગયેલ હશે તો.
7. જે સભાસદોએ રાષ્ટ્રીયકૃત/અન્ય  બેંક કે સંસ્થા માંથી કરજ મેળવેલ હશે અને મંડળીઓએ આવા સભાસદોનું શાખપત્રક બનાવેલ હશે તો.
8. ઓડીટ અથવા ઈન્સ્પેકશન માટેના યોગ્ય દુરસ્તી રીપોર્ટ સમયસર નહીં મળ્યા હોય તો.

   નોંધ :- ઉપરના કિસ્સાઓમાં શાખપત્રક સ્વીકારવામાં આવશે નહીં.

## (૬) ખેતી વિષયક મધ્યમ/લાંબી મુદત ધિરાણ

મધ્યમ મુદત ખેતી વિષયક ખેત જાળવણી અને ખેત ઓજાર જાળવણી '' ધિરાણ યોજના અમલમાં  મુકવા અંગે

અનુ. :-   બેંકની તા.૦૭/૧૨/૨૦૨૫ ની બોર્ડ ઓફ ડીરેકટર્સની  મીટીંગમાં થયેલ નિર્ણય અનુસાર

મંડળીના ખેડુત સભાસદો તથા બેંકના નામજોગ ખેડુત સભાસદો દ્વારા હાલ ખેતી આધુનિક સાધનોથી થતી હોય તેમજ ખેતીના દરેક કાર્યો જેવા કે ખેડ, વાવણી, કાપણી,પિયત, દવા છંટકાવ, ટ્રાન્સપોર્ટેશન વિગેરે ખેતીના કાર્યો ટ્રેકટર, ઓટોમેટીક ઓરણી, રોટાવેટર, પાવર ટીલર, થ્રેસર, સબમર્શીબલ પંપ/ઓઈલ એન્જીન વિગેરે ઓજારો દ્વારા થાય છે. આવા ખેત ઓજારોમાં ખરાબી થાય ત્યારે રીપેરીંગ અને ખેત જાળવણી માટે મોટો ખર્ચ થતો હોય છે. આથી બેંક સાથે જોડાયેલ ખેતી વિષયક મંડળીઓના ખેડુત સભાસદો તથા બેંકના નામજોગ સભ્યોને આકસ્મિક સંજોગોમાં ખેત ઓજારોના જાળવણી માટે નાણાની તાત્કાલીક જરૂરીયાત ઉભી થાય ત્યારે જરૂરીયાતના પ્રમાણમાં નાણા મળી રહે તે માટે ખેતિ વિષયક મંડળીના બિન મુદત વિતેલ ખેડુત સભાસદો અને બેંકના બિન મુદત વિતેલ નામજોગ સભાસદોને ''ખેત ઓજાર જાળવણી'' માટે આકસ્મીક નાણાકીય જરૂરીયાતના સંજોગોમાં ત્વરીત નાણા મળી રહે તે માટે નીચેની યોજના અમલમા મુકેલ છે.

| ક્રમ | વિગત | |
|---|---|---|
| ૧ | યોજનાનું નામ | '' મધ્યમ મુદત ખેતી વિષયક ખેત જાળવણી અને ખેત ઓજાર જાળવણી '' |
| ૨ | હેતુ | ખેત જાળવણી અને ખેત ઓજાર જાળવણી |
| ૩ | પાત્રતા | ખેતિ વિષયક મંડળીના બિન મુદત વિતેલ ખેડુત સભાસદો અને બેંકના નામજોગ બિન મુદત  વિતેલ ખેડુત સભાસદો માટે |
| ૪ | જામીન | બિન મુ.વિ.કે.સી.સી. ધારક-૨ સભ્યો |
| ૫ | ધિરાણની મર્યાદા | એક (એકર રૂા. ૧,૮૦,૦૦૦/-)  હેકટર રૂા. ૪,૪૪,૭૮૦/- ની અને વધુમાં વધુ ૨૫,૦૦,૦૦૦/-મર્યાદામાં |
| ૬ | મુદત | ૧૫-વર્ષ (૬ (છ) માસીક હપ્તા) |
| ૭ | વ્યાજ દર | મંડળી માટે - ૧૧.૫૦% અને મુ.વિ. થયે ૨% દંડનીય વ્યાજ વસુલવાનું રહેશે. |

## (A) - હેતુવાર ધિરાણની મર્યાદા (યુનિટ કોસ્ટ સને 2023-24)

ખેતી વિષયક વિવિધ હેતુઓ માટે બેન્કના કાર્યવિસ્તારનાં ખેડૂતોને ખેતી વિકાસ માટે જરૂરી સાધનો અને સગવડો માટે નાણાંકીય સવલત બૅન્કની **"મધ્યમ મુદત ધિરાણ યોજના"** હેઠળ આપવામાં આવે છે. આ યોજનાનાં વ્યાપ અને વર્તમાન બજાર ભાવને લક્ષમાં લઈ બેન્કનાં બોર્ડ ઓફ ડિરેક્ટર્સની તા. ૧૮-૦૮-૨૦૨૩ ની મિટિંગમાં થયેલ નિર્ણય અનુસાર ૦૧-૦૯-૨૦૨૩ થી અમલ કરવાનો નિર્ણય કરેલ છે. આ અંગે નિયમો, પ્રક્રિયા, અંગે વિસ્તૃત વિગત નીચે જણાવેલ છે.

1. વ્યાજ નો દર :-  મંડળીઓને ૧૧.૫૦% ના વ્યાજદરથી અને મંડળીએ સભાસદ ખેડૂતોને ૧૩.૫૦% ના વ્યાજદરથી ધીરાણ કરવાનું રહેશે. - બૅન્ક તરફથી સીધા ધિરાણ મેળવતા વ્ય. નૉમિનલ ખેડૂત સભ્યને ૧૩.૫૦% વ્યાજદરથી કરવામાં આવશે. વ્યાજનોદર બૅન્ક દ્વારા નક્કી કરવામાં આવે તે મુજબ ફેરફાર ને આધીન રહેશે.
2. ધિરાણ ના દર :-  જુદા જુદા હેતુ માટેના યુનિટ કોસ્ટ મુજબ નિયત માર્જિન મની જાળવી ધિરાણની રકમ મંજૂર થશે પરંતુ એક હેક્ટર દીઠ પિયત જમીન માટે રૂ. ૨૦,૦૦,૦૦૦/- અને એક હેક્ટર દીઠ બિન પિયત જમીન માટે રૂ. ૧૮,૦૦,૦૦૦/- ની મર્યાદામાં તમામ પ્રકારના (ટૂંકીમુદત KCC, GCC. તથા મધ્યમુદત ધિરાણ સહિત) ધિરાણ સવલત મળશે.
3. મુદત :-  જુદા જુદા હેતુ માટેના હેતુવાર મુદત નક્કી કરેલ છે.

4. ધિરાણની પાત્રતા :-
   a. ખેડૂત :- બેન્ક મારફત સીધા **"KCC" "કિસાન ક્રેડિટ કાર્ડ"** ધિરાણ કે સહકારી મંડળી મારફત **"KCC" "કિસાન ક્રેડિટ કાર્ડ"** ધિરાણ મેળવતા હોય તેવા ખેડૂતોને મધ્યમ મુદત ધિરાણની સવલત આપવામાં આવશે.
   b. મંડળી :- મંડળી મુદતવિતી બાકીદાર હોવી જોઈશે નહીં બૅન્કનું બાકી ઇમબેલેન્સ હોવું જોઈશે નહીં, મંડળીએ ૧૨ માસથી વધુ સમયનાં મુદતવિતી બાકીદારો તમામના ૧૦૬ ના પ્રમાણપત્ર મેળવેલ હોવા જોઈશે.
5. જે મંડળી પાત્રતા ધરાવતી ના હોય કે મંડળી ફડચામાં હોય કે મંડળીના હોય તેવા કાર્ય વિસ્તારના ખેડૂતોને બૅન્ક નૉમિનલ સભ્ય તરીકે દાખલ કરી સીધા ધિરાણ કરશે.
6. ધિરાણ ની શાખ :- મંડળીઓએ તેના સભાસદ ખેડૂતો પાસે રહેલ જમીનના આધારે એકી સાથે ટુંકીમુદત પાક ધિરાણ KCC તથા જનરલ ક્રેડિટ કાર્ડ - GCC (૧૨-માસની મુદત) રવિપાક ધિરાણ તેમજ મધ્યમ મુદત ધિરાણ હેઠળ મળવાપાત્ર ધિરાણ મળી કુલ એક હેક્ટર દીઠ પિયત જમીન માટે રૂ. ૨૦,૦૦,૦૦૦/- અને એક હેક્ટર દીઠ બિન પિયત જમીન માટે રૂ. ૧૮,૦૦,૦૦૦/- ની મર્યાદામાં જમીનના પ્રમાણમાં થતી રકમની વધુમાં વધુ શાખની રકમ જણાવી શાખ પત્રક રજુ કરી મંજૂર કરાવી લેવાની રહેશે.
7. રકમ પરત કરવા અંગે :- છ માસિક હપ્તામાં કુલ રકમ + દર છ માસે ચડત વ્યાજ જમા કરાવવાનું છે. અને ધિરાણ મેળવનાર ખેડૂતોએ હપ્તાની રકમ બેન્કમાં આવી મંડળી/લોન ખાતામાં જમા કરાવવાની છે. કોઈ પણ સભ્ય પાસેથી મંડળી રોકડ વસૂલાત લઈ શકશે નહીં.

<table>
<tr><td colspan="2">તમામ પ્રકારના ધીરાણોની કુલ રકમ મર્યાદા<br>પિયત જમીન ૧ હેકટરે રૂ.૨૦,૦૦,૦૦૦/-<br>બિન પિયત ૧ હેકટરે રૂ.૧૮,૦૦,૦૦૦/-</td><td colspan="4">તા.૧-૯-૨૦૨૩ થી અમલ મા :: વ્યાજનો દર ::<br>મંડળી માટે :- ૧૧.૫૦% સભ્ય માટે :- ૧૩.૫૦%<br>બૅન્કના નોમીનલ સભ્ય માટે :- ૧૩.૫૦%</td></tr>
<tr><td>અ. નં</td><td>ધિરાણનો હેતુ</td><td>બૅન્ક તરફથી નક્કી થયેલ યુનિટ કોસ્ટ</td><td>હપ્તા ની સંખ્યા</td><td>મુદત વર્ષ</td><td>માર્જિન ટકા (%)</td></tr>
<tr><td>૧</td><td>નવો કૂવો ગાળવા માટે વધુમાં વધુ<br>૧૦૦ ફૂટ (૩૦ મીટર)<br>પ્રતિ ફૂટ દીઠ રૂ. ૫,૦૦૦/-</td><td>૫,૦૦,૦૦૦/-</td><td>૧૮</td><td>૯</td><td>૧૫</td></tr>
<tr><td>૨</td><td>જૂનો કૂવો ઊંડો ઉતારવા માટે<br>(હાલની કૂવાની ઊંડાઈ થી ૧ ફૂટ ગાળવાના)<br>પ્રતિ ફૂટ દીઠ રૂ. ૫,૦૦૦/-</td><td>૧,૫૦,૦૦૦/-</td><td>૧૦</td><td>૫</td><td>૧૫</td></tr>
<tr><td>૩</td><td>વોટર સ્ટોરેજ ટેન્ક<br>માન્ય આર્કીટેક એન્જીનીયર ના પ્લાન એસ્ટીમેટ મુજબ</td><td>બેન્ક માન્ય આર્કીટેક એન્જીનીયર ના પ્લાન એસ્ટીમેટ મુજબ</td><td>૧૦</td><td>૫</td><td>૧૫</td></tr>
<tr><td>૪</td><td>કૂવો બાંધવા માટે<br>આર. સી. સી. બાંધકામ<br>ઈંટ અથવા બેલા</td><td>૬૫,૦૦૦/-<br>૫૫,૦૦૦/-</td><td>૧૦</td><td>૫</td><td>૧૫</td></tr>
</table>

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૫ | ઓઈલ એન્જીન પમ્પ સેટ માટે | હોર્સ પાવર મુજબ વર્તમાન બજાર ભાવના ક્વોટેશન મુજબ | ૧૮ | ૯ | ૧૫ |
| ૬ | ઈલેક્ટ્રીક મોટર પમ્પ સેટ માટે (મોનોબ્લોક) | | ૧૮ | ૯ | ૧૫ |
| ૭ | સબમરસીબલ પમ્પ<br>(આઈ.એસ.આઈ. માર્ક વાળા) | | ૧૮ | ૯ | ૧૫ |
| ૮ | ટર્બાઈન પમ્પ સેટ | | ૧૮ | ૫ | ૧૫ |
| ૯ | સીમેંટ પાઈપ લાઈન માટે | ક્વોટેશન મુજબ | ૧૮ | ૯ | ૧૫ |
| ૧૦ | પી.વી.સી. પાઈપ લાઈન માટે | ક્વોટેશન મુજબ | ૧૦ | ૫ | ૧૫ |
| ૧૧ | રીંગદાર માટે<br>(અ) ૬.૫૦ નો રીંગદાર વધુમાં વધુ ધિરાણ ૫૦૦ ફૂટ સુધી<br>(બ) ૭.૦૦ નો રીંગદાર વધુમાં વધુ ધિરાણ ૫૦૦ ફૂટ સુધી<br>(ક) કેસીંગ પાઈપ ૬.૫૦ નો ૧ ફૂટના<br>(ડ) કેસીંગ પાઈપ ૭.૦૦ નો ૧ ફૂટના | ક્વોટેશન મુજબ | ૧૦ | ૫ | ૧૫ |
| ૧૨ | મશીન રૂમ માટે (સ્લેબ વાળો)<br>(૨.૫મી. x ૨.૫ મી. x ૨.૫ મી.) | ૧,૦૦,૦૦૦/- | ૧૦ | ૫ | ૧૫ |
| ૧ ૩ | વાયર ફેનસિંગ માટે (૧ હેક્ટરે)<br>(મજૂરી, સીમેન્ટના થાંભલા તથા વાયર સહિત પ્રતિ રનીગ ફૂટ રૂ. ૧૫૦/- મુજબ) | પ્રતિ રનીગ ફૂટ રૂ. ૧૫૦/- મુજબ | ૧૦ | ૫ | ૧૫ |
| ૧૪ | પશુપાલન માટે<br>(અ) ગાય/કાંકરેજ/જરસી એચ.એફ.<br>(બ) ભેસ (૧) મહેસાણી<br>(૨) જાફરાબાદી (૩) ગીર ઓલાદ<br>(ક) બળદ જોડી (૧) કાંકરેજ, ગીર અન્ય | ૮૦,૦૦૦/-<br>૧,૦૦,૦૦૦/-<br><br>૬૫,૦૦૦/- | ૧૦ | ૫ | ૧૫ |
| ૧૫ | ઢોર બાંધવા ના છાપરા માટે (કેટલશેડ)<br>(અ) સ્લેબવાળો<br>(બ) નળીયાવાળો, સીમેંટ/ગેલવે. પતરાવાળો | દરચો.ફૂટે રૂ.૭૦૦/-<br>દરચો.ફૂટે રૂ.૪૦૦/- | ૧૦ | ૫ | ૧૫ |
| ૧૬ | જમીન લેવલીંગ (૧-હેકટરે)<br>૧ થી ૪ ટકા સ્લેબ<br>૪ થી ૬ ટકા સ્લેબ | ૯૦,૦૦૦ /-<br>૧,૦૦,૦૦૦/- | ૧૮ | ૯ | ૧૫ |
| ૧૭ | ટાંચપુરાણ (૧ હેકટરે) | ૧૮,૦૦૦/- | ૧૮ | ૯ | ૧૫ |
| ૧૮ | સપ્રીન્કલ અને ડ્રીપ ઈરિગેશન માટે | જી. જી. આર. સી. માન્ય સપ્લાયર કંપનીની ભલામણ મુજબ | ૧૦ | ૫ | ૧૫ |
| ૧૯ | ઓપનર તથા થ્રેસર માટે | ક્વોટેશન મુજબ | ૧૦ | ૫ | ૧૫ |
| ૨૦ | ટ્રેક્ટર, ટ્રેલર તથા આનુસંગીક સાધનો | ક્વોટેશન મુજબ | ૧૪ | ૭ | ૧૫ |
| ૨૧ | ગોડાઉન લોન સબસીડીવાળી<br>(નાબાર્ડની સ્કીમ અમલમાં હોય ત્યાં સુધી તેમની સ્કીમ મુજબ) | એસ્ટીમેન્ટ /<br>નાબાર્ડ યોજના મુજબ | ૧૪ | ૭ | ૨૫ |

(અ) ક્વોટેશન/યુનિટ કોસ્ટના ૮૫% (ગોડાઉન લોન ૭૫%) અથવા શાખની મર્યાદામાં એમ બંને પૈકી જે ઓછું હોય તે મુજબ લોન ની ભલામણ થઈ શકશે.

(બ) ઉપરોકત હેતુઓની યુનિટ કોસ્ટ સામે માર્જીન બાદ કરીને થતી રકમ અને ખર્ચ અંગે રજૂ કરેલ ક્વોટેશનમાંથી માર્જીન બાદ કરીને થતી રકમ પૈકી જે રકમ ઓછી હોય તે રકમ મુજબ મંડળીની વ્યવસ્થાપક કમીટીએ સભ્યોની માંગણી મંજૂર કરવાની રહેશે. અને તે મુજબ મંડળીએ લોન માંગણી કરવાની રહેશે.

ઉપરોકત યોજનાની સવલત મંડળી મારફત મેળવવા સમયે પ્રાથમિક તબક્કામાં નીચેની લાયકાત ધરાવતી મંડળીઓ આ સવલત મેળવવાને પાત્ર બનશે.

1. મંડળીનો ઓડિટ વર્ગ અ/બ/ક હોવો જોઈએ.
2. મંડળી બૅન્કની મુદતવિતેલ બાકીદાર હોવી જોઈએ નહી.
3. મંડળીનું સભ્યો પાસે ૧૦% થી વધુ મુદતવિતી સભ્ય લેણું બાકી હોવું જોઈએ નહી.
4. જે યોજના માં Quatation લેવાં નું હોય તેવા કિસ્સાઓ માં જી. એસ. ટી. નંબર સાથે નું Quatation લેવાનું રહેશે.
5. મંડળી નફો કરતી હોવી જોઈશે અથવા મંડળીની આર્થિક ક્ષમતાની સમીક્ષા કરી નિર્ણય કરવામાં આવશે.
6. સભાસદે છેલ્લા ૨ વર્ષથી નિયમિત ધિરાણ ભરપાઈ કરેલ હોવું જોઈશે, અને મુદતવિતી બાકીદાર હોવા જોઈશે નહીં.
7. મંડળી સિવાય અન્ય કોઈપણ બેંક કે સંસ્થાનું કોઈપણ પ્રકારનું લેણું બાકી હોયતો તેને કોઈપણ પ્રકારનું ધીરાણ મંડળી આપી શકશે નહીં.
8. બેંક સાથે સંયોજિત મંડળી તેના સભાસદોને મધ્યમ મુદતનું ધિરાણ પોતાના સ્વભંડોળમાંથી કરવા માંગતી હોય તો પણ મધ્યમ મુદતના શાખ પત્રક અને માંગણા પત્રક બેંકની શાખા મારફત મુખ્યકચેરીમાં મંજૂર કારવવાના રહેશે અને મુખ્યકચેરીની મંજૂરી મળ્યા બાદ જ મંડળી પોતાના સ્વભંડોળમાંથી મધ્યમ મુદત નું ધિરાણ બેંકની ધિરાણ નીતિ અનુસાર કરી શકશે.

જે વિસ્તારમાં મંડળી ફડચામાં જવાને કારણે જે ખેડૂતો મંડળીની સવલતોથી વંચિત હોય તેમજ મંડળીની પાત્રતા ન હોય અને મંડળી બેંક પાસેથી ધિરાણ મેળવી શકે તેમ ન હોય તેવી મંડળીના સભાસદ ખેડૂતોને બૅન્કે નક્કી કરેલ નીચે મુજબના લાયકાત અને ધોરણો અનુસાર બેંક નૉમિનલ સભાસદ બનાવી સીધું ધીરાણ આપશે.

1. મંડળીમાંથી ચાલુ ધિરાણ મેળવેલ હશે તો તે સિવાય કોઈપણ બૅન્કમાંથી કોઈપણ ધિરાણ બાકી હોવું જોઈશે નહીં
2. ખેડૂત કોઈપણ બૅન્કકે મંડળીનો મુદતવિતી બાકીદાર હોવા જોઈશે નહીં.
3. છેલ્લા ૨-વર્ષથી નિયમિત ધિરાણ ભરપાઈ કરેલ હોવું જોઈશે.
4. મંડળી તરફથી "નો ઓબ્જેકશન" અથવા "નો ડ્યુ" પ્રમાણપત્ર મેળવી ધિરાણ મળી શકશે.

5. સભાસદને એક હેક્ટર દીઠ પિયત જમીન માટે રૂ. ૨૦,૦૦,૦૦૦/- અને એક હેક્ટર દીઠ બિન પિયત જમીન માટે રૂ. ૧૮,૦૦,૦૦૦/- (ટુંકીમુદત KCC, GCC. તથા મધ્યમુદત ધિરાણ સહિત) થી વધુ થવું જોઈશે નહીં.
6. વધુ માં વધુ કોઈપણ વ્યક્તિને ૧૫ હેક્ટર ની મર્યાદામાં (ટુંકીમુદત KCC, GCC. મધ્યમમુદત) ધિરાણ કરી શકાશે.

## (B) - આવક તથા મળવાપાત્ર ધિરાણની ગણત્રી

1. અરજદારની આવક તરીકે પોતાની આવક તેમજ જરૂર જણાય તો અરજદારના કુટુંબના સભ્યની આવક લોનની રકમની ગણતરી માટે ઉમેરી શકાશે. કુટુંબના સભ્યમાં અરજદારના પિતા, માતા, પતિ, પત્નિ, પુત્ર કે પુત્રવધુનો સમાવેશ થઈ શકશે.
2. અરજદારની દૂધની આવક માટે દૂધ મંડળીએ રજુ કરેલ કોમ્પ્યુટરાઈઝ્ડ સ્ટેટમેન્ટ આધારે કુલ વાર્ષિક આવકના ૫૦ ટકા આવક ગણતરીમાં લઈ શકાશે.
3. અરજદાર અથવા કુટુંબના સભ્યની પુરાવા આધારિત અન્ય આવક મળવાપાત્ર ધિરાણની ગણતરી માટે ઉમેરી શકાશે.
4. ઉપરોક્ત વિગતે અરજદારની હાલની તમામ પ્રકારની કુલ આવક ઉપરાંત લોનથી વસાવવાના સાધનથી થતી આવકમાં વધારા સાથેની કુલ આવકમાંથી અરજદારે લીધેલ કેસીસી સહિતની તમામ પ્રકારની લોનની વાર્ષિક ભરવાપાત્ર મુદ્દલ તથા વ્યાજની રકમ બાદ કરવાની રહેશે અને ત્યારબાદ બાકી રહેતી આવક સામે કુટુંબનો નિભાવ ખર્ચ બાદકરતાં અરજદાર માંગેલ લોનનો વ્યાજ સહિતનો હપ્તો તથા વ્યાજ ભરવા સક્ષમ છે કે નહિં તે આધારે લોનની રકમ ભલામણ કરવાની રહેશે.
5. અરજદારની ઉપરોક્ત વિગતો તમામ પ્રકારની આવક તેમજ ધિરાણ મેળવી મિલ્કત વસાવવાથી થતી વધારાની આવક સામે અરજદારનું હાલનું કુલ ધિરાણ અને તે સામે વ્યાજ સહિત વાર્ષિક થતી રકમની ગણતરીએ અરજદાર માંગેલ ધિરાણનો વ્યાજ સહિતનો હપ્તો ભરવા સક્ષમ હશે તે મુજબ ધિરાણ મળવાપાત્ર થશે. આમ અરજદારની રીપેઈંગ ક્ષમતા આધારે ધિરાણની રકમ મળવાપાત્ર થશે.

| બેન્કની શાખાઓના ફોન નંબર તથા સરનામાઓની યાદી | | | | |
|---|---|---|---|---|
| ક્રમ | બ્રાન્ચનું નામ | ટેલીફોન નંબર | મોબાઈલ નંબર | શાખાનું સરનામું |
| 1 | વણઝારી ચોક | ૦૨૮૫-૨૬૫૧૧૫૮ | ૮૧૪૦૦ ૫૨૯૫૩ | એમ.જી. રોડ, વણજારી ચોક, જૂનાગઢ – ૩૬૨૦૦૧ |
| 2 | માણાવદર | ૦૨૮૭૪-૨૨૧૭૦૩ | ૯૯૨૫૭ ૨૯૧૩૫ | પોસ્ટ ઓફિસ પાસે, શાકભાજી માર્કેટ પાછળ, માણાવદર – ૩૬૨૬૩૦ |
| 3 | કેશોદ | ૦૨૮૭૧-૨૩૬૦૫૮ | ૯૮૭૯૦ ૨૭૪૭૦ | ટાવર ચોક પાસે, જૂનાગઢ મેઈન રોડ, કેશોદ – ૩૬૨૨૨૦ |
| 4 | વિસાવદર | ૦૨૮૭૩-૨૨૨૦૦૨ | ૯૫૩૭૩ ૧૮૪૬૦ | લક્ષ્મી કોમ્પ્લેક્સ, જુના જકાત નાકા પાસે, જૂનાગઢ રોડ, વિસાવદર – ૩૬૨૧૩૦ |
| 5 | વંથલી | ૦૨૮૭૨-૨૨૨૦૪૮ | ૯૯૧૩૭ ૪૫૫૫૫ | સહકાર ભવન, પ્રથમ માળ, એસ.ટી. બસ સ્ટેશન પાછળ, વંથલી – ૩૬૨૬૧૦ |
| 6 | માંગરોળ | ૦૨૮૭૮-૨૨૨૦૨૩ | ૯૪૨૭૯ ૬૩૩૮૪ | ચાર ચોક, માંગરોળ – ૩૬૨૨૨૫ |
| 7 | માળીયા હાટીના | ૦૨૮૭૦-૨૨૨૨૨૮ | ૮૯૦૬૯ ૪૪૪૪૪ | રેલવે સ્ટેશન પાસે, મેઈન રોડ, માળીયા હાટીના – ૩૬૨૨૪૫ |
| 8 | મેંદરડા | ૦૨૮૭૨-૨૪૧૩૫૦ | ૯૯૦૪૦ ૯૩૯૬૦ | વિસાવદર મેઈન રોડ, ગર્લ્સ સ્કૂલ સામે, મેંદરડા – ૩૬૨૨૬૦ |
| 9 | ભેસાણ | ૦૨૮૭૩-૨૫૩૪૩૦ | ૯૭૨૪૦ ૭૫૫૭૫ | મેઈન રોડ ભેસાણ, પુષ્ટિમાર્ગ હવેલી સામે, ભેસાણ – ૩૬૨૦૨૦ |
| 10 | ચોરવાડ | ૦૨૮૭૦-૨૮૮૫૪૩ | ૯૭૨૭૮ ૯૨૧૧૦ | આનંદ કોમ્પ્લેક્સ, ગવર્મેન્ટ હોસ્પિટલ રોડ, ચોરવાડ – ૩૬૨૨૫૦ |
| 11 | બિલખા | ૦૨૮૫-૨૬૮૩૦૬૭ | ૮૧૪૧૪ ૮૨૫૫૬ | પોલીસ સ્ટેશન સામે, સરકારી હાઈસ્કૂલ પાસે, જૂનાગઢ મેઈન રોડ, બિલખા – ૩૬૨૧૧૦ |
| 12 | બાંટવા | ૦૨૮૭૪-૨૪૧૪૨૩ | ૯૪૨૮૭ ૭૫૫૯૧ | એસ.ટી. બસ સ્ટેશન પાછળ, મેઈન રોડ, બાંટવા – ૩૬૨૬૨૦ |
| 13 | શાપુર | ૦૨૮૭૨-૨૫૭૩૨૫ | ૭૫૭૫૦ ૩૭૮૮૮ | પોસ્ટ ઓફિસ પાસે, મેઈન રોડ, શાપુર – ૩૬૨૨૦૫ |
| 14 | સરદારગઢ | ૦૨૮૭૪-૨૪૨૩૧૪ | ૮૪૬૯૩ ૪૮૪૫૬ | મેઈન રોડ, એસ.બી.આઈ એટીએમ પાસે, સરદારગઢ – ૩૬૨૬૪૦ |
| 15 | લીંબુડા | ૦૨૮૭૪-૨૪૪૩૯૩ | ૯૯૦૪૭ ૫૭૮૧૦ | સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા પાસે, સરકારી હોસ્પિટલ સામે, લીંબુડા – ૩૬૨૬૨૦ |
| 16 | રાણપુર | ૦૨૮૭૩-૨૫૦૫૮૮ | ૯૪૨૮૨ ૪૦૨૯૧ | મેઈન રોડ, રાણપુર – ૩૬૨૦૩૦ |
| 17 | વડાલ | ૦૨૮૫-૨૬૮૦૫૨૮ | ૮૮૬૬૫ ૫૬૫૯૨ | મેઈન રોડ, વડાલ – ૩૬૨૩૧૦ |
| 18 | પાજોદ | ૦૨૮૭૪-૨૪૪૫૧૩ | ૯૭૨૪૨ ૨૦૩૩૭ | મેઈન રોડ, પાજોદ – ૩૬૨૬૨૦ |
| 19 | માખીયાળા | ૦૨૮૫-૨૬૮૭૧૨૨ | ૯૯૦૯૩ ૪૭૭૦૪ | ધોરાજી–જૂનાગઢ હાઈવે, માખીયાળા – ૩૬૨૦૧૧ |
| 20 | અગતરાય | ૦૨૮૭૧-૨૫૩૫૧૫ | ૯૬૦૧૫ ૯૯૦૮૬ | એસ.ટી. બસ સ્ટેશન પાસે, અગતરાય – ૩૬૨૨૨૨ |
| 21 | મહોબતપુર | ૦૨૮૭૨-૨૫૨૬૭૭ | ૯૨૨૮૫ ૬૯૨૬૪ | મેઈન રોડ, હવેલી પાસે, મહોબતપુર – ૩૬૨૨૦૫ |
| 22 | કોઠારીયા | ૦૨૮૭૪-૨૨૧૬૭૫ | ૯૪૦૮૦ ૮૭૪૨૨ | મેઈન રોડ, કોઠારિયા – ૩૬૨૬૩૦ |
| 23 | આલીધ્રા | ૦૨૮૭૨-૨૪૧૩૧૨ | ૯૪૦૮૫ ૫૯૭૦૪ | મેઈન રોડ, સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા પાસે, આલીધ્રા – ૩૬૨૨૬૦ |
| 24 | ભલગામ | ૦૨૭૯૬-૨૯૯૧૧૩ | ૯૪૨૮૩ ૭૮૧૯૪ | પ્રાથમિક શાળા પાસે, એસ.ટી. બસ સ્ટેશન સામે, ભલગામ – ૩૬૫૪૪૦ |
| 25 | સમઢીયાળા | ૦૨૮૭૨-૨૪૧૯૪૮ | ૯૭૨૪૨ ૫૨૬૩૩ | મેઈન રોડ, સમઢીયાળા – ૩૬૨૨૬૦ |
| 26 | ગિરિરાજ સોસા. | ૦૨૮૫-૨૬૩૨૩૬૩ | ૮૩૪૭૫ ૦૩૧૫૨ | ગિરિરાજ મેઈન રોડ, આશ્રય કોમ્પ્લેક્સ, જૂનાગઢ – ૩૬૨૦૦૧ |
| 27 | ઝાંઝરડા રોડ | ૦૨૮૫-૨૬૩૪૫૬૫ | ૯૪૨૭૨ ૦૮૪૫૯ | સાઈ બાબા મંદિર સામે, ઝાંઝરડા રોડ, જૂનાગઢ – ૩૬૨૦૦૧ |
| 28 | બરવાળા | ૦૨૮૭૩-૨૫૬૫૫૦ | ૯૯૨૫૧ ૯૧૯૨૨ | મેઈન રોડ, બરવાળા – ૩૬૨૦૨૦ |
| 29 | મજેવડી | ૦૨૮૫-૨૬૮૪૩૫૭ | ૯૫૭૪૬ ૨૩૭૯૦ | સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા પાસે, મેઈન રોડ, મજેવડી – ૩૬૨૦૧૧ |
| 30 | બગડું | ૦૨૮૫-૨૯૬૦૦૭૧ | ૭૫૬૭૬ ૫૨૮૦૭ | મિતેશ ચેમ્બર, મેંદરડા રોડ, બગડુ – ૩૬૨૨૬૦ |
| 31 | જૂથળ | ૦૨૮૭૮-૨૯૯૧૯૦ | ૯૪૦૮૪ ૭૪૨૪૨ | ગામ જુથલ – ૩૬૨૨૪૫ |
| 32 | ઉના | ૦૨૮૭૫-૨૨૨૦૧૬ | ૯૨૨૮૫ ૭૧૧૧૧ | ગીર ગઢડા રોડ, ઊના – ૩૬૨૫૬૦ |
| 33 | વેરાવળ | ૦૨૮૭૬-૨૨૦૨૩૬ | ૯૨૭૭૩ ૦૧૭૭૩ | ટાવર ચોક, બંદર રોડ, વેરાવળ – ૩૬૨૨૬૫ |
| 34 | તાલાલા | ૦૨૮૭૭-૨૨૨૨૪૧ | ૯૯૭૮૪ ૭૦૦૦૯ | વેરાવળ મેઈન રોડ, તાલાલા – ૩૬૨૧૫૦ |
| 35 | ગીર ગઢડા | ૦૨૮૭૫-૨૪૩૩૧૯ | ૯૪૨૮૭ ૭૭૫૭૪ | એસ.ટી. બસ સ્ટેશન સામે, ગીર ગઢડા – ૩૬૨૫૩૦ |
| 36 | સુત્રાપાડા | ૦૨૮૭૬-૨૬૩૩૨૮ | ૯૪૨૭૨ ૫૮૯૭૪ | મેઈન રોડ, સુત્રાપાડા – ૩૬૨૨૭૫ |
| 37 | હડમતીયા | - | ૯૯૨૫૭ ૨૯૦૬૫ | મેઈન રોડ, હડમતિયા – ૩૬૨૧૪૦ |
| 38 | પ્રાચી | ૦૨૮૭૬-૨૮૪૩૩૭ | ૮૪૬૯૦ ૨૨૫૪૫ | ઊના–વેરાવળ હાઈવે, પ્રાચી – ૩૬૨૨૬૮ |
| 39 | સુરવા | ૦૨૮૭૭-૨૩૩૦૦૩ | ૯૮૭૯૬ ૩૪૮૫૫ | મેઈન રોડ, સુરવા – ૩૬૨૧૪૦ |
| 40 | વડોદરા ઝાલા | ૦૨૮૭૬-૨૬૪૧૬૫ | ૯૭૧૪૨ ૯૩૨૨૧ | મેઈન રોડ, વડોદરા ઝાલા – ૩૬૨૨૭૫ |
| 41 | વડોદરા ડોડીયા | ૦૨૮૭૬-૨૯૯૧૫૮ | ૯૮૨૪૪ ૬૭૦૨૨ | બસ સ્ટેન્ડ પાસે, વડોદરા ડોડીયા – ૩૬૨૨૫૫ |
| 42 | પોરબંદર | ૦૨૮૬-૨૨૪૨૬૦૭ | ૯૯૭૯૪ ૩૯૬૦૬ | જુબેલી રોડ, પોરબંદર – ૩૬૦૫૭૫ |
| 43 | કુતિયાણા | ૦૨૮૦૪-૨૬૧૨૪૫ | ૭૬૦૦૯ ૮૫૮૮૭ | બસ સ્ટેન્ડ સામે, કુતિયાણા – ૩૬૨૬૫૦ |
| 44 | રાણાવાવ | ૦૨૮૦૧-૨૩૦૬૪૭ | ૯૫૭૪૩ ૦૯૮૧૮ | જૂના બસ સ્ટેન્ડ પાસે, રાણાવાવ – ૩૬૦૫૫૦ |
| 45 | માધવપુર | ૦૨૮૬-૨૨૭૨૪૫૩ | ૯૮૯૮૧ ૬૦૬૦૧ | તાલુકા પંચાયત પાસે, માધવપુર – ૩૬૨૨૩૦ |
| 46 | બખરલા | ૦૨૮૬-૨૨૭૭૩૫૯ | ૮૨૦૦૦ ૦૭૧૩૭ | મેઈન રોડ, બખરલા – ૩૬૦૫૭૯ |
| 47 | ફટાણા | ૦૨૮૬-૨૨૭૯૫૬૩ | ૮૧૨૮૫ ૪૧૯૨૫ | મેઈન રોડ, ફટાણા – ૩૬૦૫૯૦ |

# આપની પોતાની બેંક આપણા વિસ્તારમાં વિવિધ સેવાઓ સાથે...

## થાપણો

- ચાલુ ખાતા
- બચત ખાતા
- એફ.ડી ખાતા
- સ્ટુડન્ટ ખાતા
- રીકરીંગ ખાતા

## ધિરાણો

- ખેતી વિષયક પાક ધિરાણ
- KCC કાર્ડ ધિરાણ
- મધ્ય મુદત ધિરાણ
- ગોલ્ડ ધિરાણ
- કેશ ક્રેડિટ/ઓવરડ્રાફ્ટ ધિરાણ



## MICRO ATMની વિશેષતાઓ

- ☑ માઈક્રો એટીએમ દ્વારા કોઈપણ બેન્કના ડેબીટ કાર્ડનો ઉપયોગ થઈ શકશે.
- ☑ **Rupay Debit** તથા **KCC Card** થકી જરૂરીયાત મુજબના ટ્રાન્ઝેકશન કરી શકાશે.
- ☑ ઘર આંગણે ૩૬૫ દિવસ ૨૪ કલાકમાં કોઈપણ સમયે નાણાંકીય વ્યવહાર થઈ શકાશે.
- ☑ બેલેન્સ જાણકારી, મીની સ્ટેટમેન્ટ મેળવી શકાશે.
- ☑ આપના દ્વારા કરવામાં આવેલ ટ્રાન્ઝેકશનની રીસીપ્ટ પ્રિન્ટ મેળવી શકાશે.

## વિવિધ ડિજિટલ સુવિધા

- ATM કાર્ડ
- SMS સુવિધા
- મોબાઈલ બેન્કિંગ
- NEFT/RTGS/IMPS/UPI
- ગ્રીન પિન
- પોઝિટિવ પે સિસ્ટમ

## વિમા યોજનાઓ

- પ્રધાનમંત્રી જીવન જ્યોત
- પ્રધાનમંત્રી સુરક્ષા
- ધિરાણ મેળવતા ખેડૂતો માટે અકસ્માત વિમા

## લોકર સુવિધા પણ ઉપલબ્ધ છે...

વિશેષ માહિતી માટે નજીકની શાખાનો સંપર્ક કરો



## KCC પાક અને પશુ ધિરાણ પર ૦% વ્યાજ

**કૃષિ અને ધિરાણ યોજનાઓ**

૩ લાખ સુધીનું ધિરાણ કોઈપણ વ્યાજ વગર ઉપલબ્ધ છે.



## ખેત ઓજાર જાળવણી માટે મોટી લોન

એકર દીઠ ૧.૮૦ લાખ અને મહત્તમ ૨૫ લાખ સુધી ૧૫ વર્ષ માટે લોન.



## આધુનિક ડિજિટલ બેંકિંગ સેવાઓ

મોબાઈલ બેંકિંગ, UPI, લોકર અને બચત ખાતાની સંપૂર્ણ સુવિધા.



## ગોલ્ડ લોન સુવિધા

રૂ. ૧૦,૦૦૦ થી ૧૦,૦૦,૦૦૦ સુધીની લોન પર ફ્લેક્સિબલ વ્યાજ ચુકવણી.




## સરળ લોન અને આધુનિક બેંકિંગ સુવિધાઓ



## સરલ કેશ ક્રેડિટ અને EMI લોન

0% પ્રોસેસિંગ ચાર્જ અને રૂ. ૩૩૬૯ ના ઓછા માસિક હપ્તાની સુવિધા.

To,

UnRegisterted Post Parcel

Printed Matter
BOOK-POST

# ધી જૂનાગઢ જીલ્લા સહકારી બેંક લિ.

પાણી, પર્યાવરણ અને પૈસાની બચત કરી સહકારથી સમૃદ્ધ થવા આપણી બેંક આપણી સેવામાં...